[illegible]

રંગમાં ભંગ.



[illegible]

[illegible]

ગુજરાતના [illegible]

આ ટાઇટલ શ્રી અનાવિલ પ્રિ. પ્રેસમાં, છાપ્યું સુરત

ૐ

"રંગમાં ભંગ."

કિંવા

હર્ષમાં વિષાદ.

[એક રાજકન્યાની ઐતિહાસિક હૃદયભેદક કથની]

અનુવાદક અને લેખક,

ગમનલાલ હીરાલાલ બદામી. ('પુષ્પ')

પ્રકાશક,

"ગુજરાતી સાહિત્ય મંદિર."

સલાબતપુરા—સુરત.

પ્રથમાવૃત્તિ. ઇ. સ. ૧૯૨૪. પ્રત ૨૦૦૦

સુરત, લીમડાચોકમાં આવેલા બાઇ ધનકોરના દેશી મિત્ર
પ્રેસમાં નાથુભાઇ દેવચંદે છાપી

— બહાર પડી ચુકી છે. —

અદ્દભુત ડીટેકિટવ

મોહિની ઉર્ફે મરિયમ

અથવા,

ડાકુની દીકરી.

મૂલ્ય માત્ર આઠ આના.

છપાવી પ્રસિદ્ધ કર્તા—
જેઠીશાનદાસ ત્રિભુવનદાસ પટેલ.
સલાબતપુરા, સુરત

રંગ માં ભંગ

કિંવા

"હર્ષમાં વિષાદ."

" બે શબ્દ "

સાહિત્ય રસિક વાચક સુહૃદ !

પ્રસ્તુત કાવ્યમય કથન મળમા શ્રીમાન સાક્ષર મૈથિલીશરણ ગુપ્ત કૃત હિન્દી ભાષામા "રગ મે ભગ" નામનુ છે જેમા કોઇ પણ જાતની રસક્ષતિ ન થાય, અને ઐતિહાસિક વસ્તુ એવી ને એવી જળવાય એ લક્ષમા રાખી મ્હે એ'મા થોડોક રસિક સુધારો વધારો કર્યો છે મૂળ કાવ્ય ૧૨૩ કડીમજ સમાપ્ત થઇ જાય છે, જ્યારે પ્રસ્તુત કાવ્યકથની લગભગ એનથી ત્રણુ ઘણી થવા જાય છે તેમ છતા કર્તાના મૂળ હિન્દી કાવ્યનો ગૂજરાતી અનુવાદ એ'મા સપૂર્ણ સમાઇ જાય છે (અક્ષરશ અનુવાદ નથી) એક રાજપૂત લગ્નવિધિમા હાલમા ચાલતી ઉચ્ચ હિન્દુ-જ્ઞાતિઓની લગ્ન-રીતિઓ વાચી પ્રત્યેક બધુને આશ્ચર્ય લાગશે ! પરન્તુ તદ્ વિષયમા કે'વાનુ એજ કે અર્ધ-શિક્ષિત ભૂદેવોની અને પરણનાર વર-કન્યાની આખો, પૂર્વજોની એ પ્રાચીન રૂઢિઓમા સમાયલા ઉચ્ચ ભાવનામય આદર્શોનો સ્ફોટ કરી, ઉઘાડી, અધોગતિને માર્ગે દિન પર દિન જતી ઉચ્ચ હિન્દુ કોમને ઉન્નતર પથે વાળવાનોજ એ'મા કર્તાનો ખાસ ઉદ્દેશ છે. સાહિત્યની દ્રષ્ટિએ રસ-ક્ષતિ થાય, તો તે દોષથી વિમુક્ત થવા તેટલો ભાગ પડતો મૂકી વાચવા નમ્ર વિનતિ છે. અને એક ઉછરતા લેખકની ઉછળતી ઉર્મિઓને ઉત્તેજનથી વધાવવા ! અને પ્રભો ! આવી ગુર્જર-ગિરાના સાહિત્યની સેવા કરવા સદાય શુભ પ્રેરણા હૃદયે સીંચો ! એજ અભ્યર્થના !

ભવદીય,

સાહિત્ય-પ્રેમી " પુષ્પ "

" રંગ માં ભંગ. "

(હરિગીત ૭૬.)

દૈવી લીલા આલોકને દેખાડવા જે અવતર્યા,
જે નિર્વિકારી નિરંજને નરશ્રેષ્ઠ થઇ કૌતક કર્યા.
શ્રી રામ ' જેનું નામ ' જગમા મોક્ષ–મંગલ–ધામ છે,
પરિગ્રહને તે ' " પુષ્પ " ના પ્રારંભમાજ પ્રણામ છે.

કરુણાજનક આ કાવ્યનો આરંભ જ્યારે થાય છે,
સંવત્ ત્રયોદશ ત્રાણુ ત્યારે સાલમા અંકાય છે.
કિન્તુ તપાસો યુગ યુગે વિપ્લવ મહદ્ દેખાય છે,
સંસારમા ભરતી પછીથી ઓટ આવે જાય છે

ચઢતી પછી પડતી ઉદય પશ્ચાત્ નિશ્ચે અસ્ત છે,
જય ને પરાજય હર્ષ, શોક, ક્રમાનુસાર સમસ્ત છે
માયાવરણ સહુ ચળવિચળ અવિચળ ન કૈ લેખાય છે,
ચંચળ કળા એ કાળની પળ પળ વિષે પલટાય• છે.

મૃદુ પુષ્પ પાંખડીઓ પ્રભાતે પૅર પ્રફુલ્લિત થાય છે,
સંધ્યા થતા સુરભિ તજી કરમાઈ તેજ બિડાય છે.
વૃક્ષો વસન્તે પ્રાલતા સહુ શુષ્ક શિશિરે થાય છે,
શશિની કળા પણ પૂર્ણિમા પશ્ચાત્ ઘટતી જાય છે.

કો વર્ષે વૃષ્ટિ વિપુલ ને અવિરતપણે વર્ષાય છે,
તો વર્ષ કો દુર્ભાગ્યયોગે અખિલ ખાલી જાય છે
લીલા સુકા દુષ્કાળ વર્ષો વષ પણ બદલાય છે,
તડકા શિળા શીતોષ્ણતા ઋતુરંગ પટ પલટાય છે.

રોગી નિરોગી ગૃહ-દશા માનવ ! સમાન ન જાય છે,
અસ્થાયિ યૌવન, જર, જરા શિશુતા સકળ કે'વાય છે
સહસા અગમ્ય ભૂ-કંપ રૂપે કોપ કુદરત થાય છે,
જળ-સ્થાનકે સ્થળ થાય, ને સ્થળ-સ્થાનકે જળ થાય છે.

ઋતુ-રંગ તુલ્ય મનુજ-દશાના ઢંગ પલટે જાણવા,
આજે મળે, કાલે મરે, દ્રષ્ટાંત આજે ના નવા !
ટમટમ્ થતો જીવન-દીપક ક્યારે ? અનિશ્ચિત બુઝશે!
કોને ખબર છે કાળની ? કાલે સ્હવારે શું થશે ?

× × × • ×

વૈકુંઠવાસી વીર હામાજી મુકી સુત બે ગયા,
વીરસિંહ જે યુવરાજ બુન્દી નગ્રના સ્વામી થયા.
લઘુભ્રાત નામે લાલસિંહ બળે બીજો શું કેશરી ?
તેણે સ્વયં ગાદી નગર ગેનોલીમાં સ્નેહે કરી.

પ્રીતિ પરસ્પર પૂર્ણ બન્ધુ-યુગલમાં રે'તી હતી,
શુભ ચરિતથી સંતુષ્ટ રૈયત 'ધન્ય છે" કે'તી હતી.
સુ-વિચાર-વાણી-વર્તનેથી સ્હેજ ના વિચલિત થયા,
મન-વચન-કર્મે ધર્મ-જીવન પાળીને પ્રચલિત થયા.

આ લાલસિંહ નરેશને સદ્‌ગુણસંપન્ન સર્વથા,
નિર્દોષ ગૌરી નામની શ્યાણી સુશીલ હતી સુતા.
કન્યા સુકોમલ કાન્તિમાં કંદર્પ–કાન્તા લાગતી!
શશિ–પૂર્ણિમાની ચંદ્રિકા સ્પર્ધા વિષે ઝાંખી થતી.

બાલા હવે ન્હોતી યુવાને આગણે આવી હતી,
સાક્ષાત્ જાણે સ્વર્ગની સૌન્દર્ય દેવી શું નથી?
શર્મે નયન નીચાં ઢળે. હરિણાક્ષી પલ પલ પલકતી,
સર્વાંગમાં જ્યોતિ અનેરી નવલ ચંચલતા હતી.

ગજગામિની–ગ્રીવા શિરે જલ–કુંભ લેતાં ડોલતી,
શરમિન્દી ચાલે રાજહંસી! મંદ હસતી બોલતી.
સ્નેહાળ, દીલ–દયાળ, હૃદય–રસાળ સંસ્કારિત હતી,
સાક્ષાત્ ન જાણે રાજકન્યા દેવકન્યા દીસતી!

શી કૃષ્ણવર્ણી કેશ–રાશી પૃષ્ટ ભાગે ઝૂલતી,
સુન્દર સમારી વેણી–ગુંથન નવલ નિત્ય ન ભૂલતી.
યૌવન–હિંડોળે બેસી બાલા મંદ ટહુકા ઝીલતી,
વપુ–વાટિકાની મ્હેક શી પ્રત્યેક હીંચે ખીલતી.

માધુર્ય ઝરતું મુખકમલ મલકાવતી, વિલસાવતી,
આવી યુવા સ્નાયુ સુકોમળ સકલ શુભ શોભાવતી
અવલંબતી ગમતી અતિ ચંદ્રાનના શી શોભતી!
થોડું હસી, થોડું વદી, એ રાજબાળા થોભતી.

દાંડમકલિ સમ દતપંક્તિ ધવલતા દર્શાવતી,
નિર્દોષ નિર્મળ ભાવના નમણે નયન તણી આવતી.
સસ્મિત શશિવદને સહુજ સુરખી ગુલાબી આવતી,
જે દેવબાળા ગૌરીને દર્પણુ વિષે શર્માવતી

ઉર ભાવ મુગ્ધાના ભર્યાં કન્યા કિશોરી ના રહી,
પરણી પતિ–મંદિર જવા ષોડશવયી વયમા થઇ
આદર્શ બાલિશતા યુવાનું આગમન થાતા ગઇ,
સસાર માંડી સુન્દરી થૈ શોભવા લાયક થઇ

ત્યારે વિવાહિત એ થઈ નરરત્ન ! જે'ની સાથમા,
સમગુણુ તે સ્વામી ન ખામી, દોષ કોઇ વાતમા.
શુરવીર શ્યાણો સાહસિક સાથે સખી–હૃદયી હતો,
અવતાર જાણે પુષ્પધન્વાનો ન ? સશય લાવતો.

શુ શુદ્ધ સોનામા સુગધી, હેમમા હીરો જડયો !
શુભ હાર એક ગુલાબનો વળી દેવ–ગ્રીવામા ચઢયો
હીરો હતો અણુમૂલ પચરગી પડયા પાસા વળી,
સુખી સુકન્યાથી હતા ઋષિ ચ્યવનને ચક્ષુ મળી.

ગૌરી ગણો એ ઉર્વશી ! પુરુરવ સમાન પતિ મળ્યા,
સરજાયુ સમસ્નેહી યુગલ જયમ શર્કરા ને પય ભળ્યા.
સ્વાદિષ્ટ શુ કસાર ? ઘૃતની ધાર ઉપરથી પડી,
મનભાવતુ વૈદે કર્યું જોડી જદુપતિયે જડી.

× × × ×

ચીતોડનુ શુ નામ કોઇ ગૌરવાંકિત વિસરે,
હૈયાં હરી જે ચિત્ત ઉત્તેજીત વીરત્વે કરે!
ત્યાં આજ ખેતલ નૃપ સિસોદીય વંશના વિરાજતા,
ગૌરી તણા સદ્‌ભાગ્ય જે'ની સાથ સધાયા હતાં.

આ વેવિશાળ થતાં થવા લાગી લલિત તૈયારીઓ,
શું વર-વધૂને દ્વાર ગીતો ગાય રૂડા નારીઓ!
પણ આ દિને ચીતોડમાં ભૂ-ગર્ભથી વિસ્મયમયી,
પ્રમદા-પ્રતિમા એક અદ્‌ભુત પરમ પુનિત પ્રકટ થઇ.

જે પ્રથમ હસ્તે પૃથિવી! દ્વિતીયે વ્યોમ ભાણુ બતાવતી,
સમ્મુખ તૃતીય! ચતુર્થ ગ્રીવે ગુહ્ય સંજ્ઞા આપતી
દેવાશી મૂર્તિ ચતુર્ભુજ દર્શાવતી આ સાનમાં,
"કાયા જુડી માયા જગતની (શુ ?) આથડો અજ્ઞાનમા!

આવ્યા હતા જ્યાંથી જવાનુ ત્યાંજ પુન પ્રમાણજો,
માયાવી આ સંસારના બે દિવસના મ્હેમાન છો.
રાખો અડગ શિર છો! ભલે! આ દુન્યવી સત્તા બળે,
કિન્તુ અચળપદ પ્રભુપદારવિન્દે નમ્યા વિણુ ના મળે"

મૂર્તિ અલૌકિક સેવકો મૂકી સભામાં સંચર્યાં,
નિર્ખી પ્રતિમાની પ્રતિભા સભ્રમિત સભ્યો થયા.
ચર્ચા થવા માંડી પરસ્પર ભિન્ન ભિન્ન પ્રકારથી,
ઘટના વિલક્ષણુ જોઇ કૌતુક ક્યાંય રોકાતા નથી.

રાજેન્દ્ર—સન્મુખ દેવી—મૂર્તિ સભામાં દીપી રહી,
વિદ્વાન વારૂજી નિકટ કવિરાજ બેઠા'તા તહીં.
અવલોકતાં કવિથી 'પ્રભાનો પુંજ જે છૂટી રહ્યો,"
અતિ મુગ્ધ અંતરથી અચિન્ત્યો છંદ બ્હાર પડી ગયો.

"હે રાજવી ખેતસિંહ ! પ્રતિમાથી શું સૂચન થાય છે ?
માર્મિક સંજ્ઞા ચાર એ ગુણગાન ત્હારા ગાય છે.
જે —સ્વર્ગમાં પાતાળમાં તુજ તુલ્ય નૃપ ! દાની નથી,
મસ્તક અહીં મૂકું ઉતારી જો મળે કે સાબિતી."

આ છંદ કવિનો સાંભળી સહુ સભ્ય ભ્રાન્તિમાં પડયા,
"શું બુદ્ધિ ? શું ચાતુર્ય ? કે'વી કલ્પના ?" સહુ કહી રહ્યા.
'શાબાશ ! વાહ ! ને ધન્ય'નો ગુંજાર હા ! ગુંજી રહ્યો,
ને 'અલ્પ કાર્યે યશ મળે નરવીરને !' તેમજ મળ્યો.

પ્રચલિત પુરૂષનું કથન નિરસ રસિક આજ મનાય છે,
ઉર્મીમય ભલે હો અન્યનું ! રસહીન તદપિ ગણાય છે.
ઉ-તેજનો ઉમરાવને ! જોતાં ન ઠીક અઠીક છે,
કંઇ રત્ન રગદોળાય ! નહિ જોવાય ! એ શું રીત છે ?

ભાનુ પ્રકાશે વ્યોમમાં આલમ બધી તે'ને પૂજે,
પણ ઝગમગે છે તારલા આછા ન કોઈને સૂઝે.
શ્રીમાનને ગૃહ સેંકડો સ્હામા જઇ "શું છે ?" પૂછે,
કંગાલ દ્વારે કરગરે તદપિ ન આંસુડાં લૂછે.

૧૯૯-૧

કીર્તિ-ક્ષુધિત દુનિયા સકળ તે શું શુભાશુભ ? ના લહે,
મ્હોટાઇ મ્હોટાને મળે, ન્હાના સદા ન્હાના રહે.
કમભાગ્ય ! યોગ્યાયોગ્યની કિંમત કદર થાતી નથી,
"મ્હોં જોઇ સહુ ચંદ્રક કરે" એ કૂ-પ્રથા જાતી નથી.

"નન્નો" વદે નાપાસ ! નાલાયક ! ચહે 'હાજી" બધા,
સારૂ લગાડો શેઠને નહિ તો કહે આપો રજા.
બી એ અને એમ્ એ વિના સન્માન પોષાતુ નથી,
સાચુ પુછો તો લેખ લખવા માસિકે મળતુ નથી.

લોકો જુવે છે નામને, પણ કામને જોતા નથી,
સર્વે રુવે છે સ્થુળને કો સત્વને રોતા નથી.
હસનાર સાથે સહુ હસે ! રડનાર સહુ રડતા નથી,
સઘળા સતાવે દીનને ! શ્રીમાન શું જડતા નથી ?

રોતાં મુવા સંભારીને ! જીવન્તને જોતા નથી,
દુનિયા ઉંધી દૂહે મહિષી ગાય કો દો'તા નથી.
બે ચીજ "ડિગ્રી-દામ" ને દુનિયા જુવે જયા આજની,
ક્યાંથી પછી ઉન્નત-દશા કો' થાય હિન્દુસમાજની ?

અપવાદ કરતાં બાદ લગભગ આજ જોજો દોષ છે,
એ દોષ સ્નેહી ! શોધશો તો સર્વદા સંતોષ છે.
સાહિત્ય-વાટિકા વિષે જલ-સિંચનોનો શોષ છે,
મોળો બહુધા અનદૂષિત ગુર્જર-ગિરાનો કોષ છે.

શું માતૃભાષા ઉપર ગુર્જર-બધુ જન્મથી રોષ છે?
હતભાગ્ય થા ગુજરાતી! શુ એ'વાજ ત્હારા જોષ છે?
મમતા ન દાઝ સ્વદેશની નહિ ઉન્નતિની હોસ છે,
સ્હમજાય ના કિંચિત્ લિપિ પાશ્ચાત્ય ભણવા જોશ શે?

*　　*　　*　　*　　*　　*

જે સભ્ય કન્યા પક્ષના આ ઉત્સવે આવ્યા હતા,
નિર્ખી કવિ-કૌશલ્ય ને આશ્ચર્ય અતિ પામ્યા હતા.
પાછા ફર્યા ગેનોલી ત્યા પ્રસરાઇ પુષ્કળ આ કથા,
કૈં વાર વિસ્તારાય ને વખણાય ન્હાની વારતા.

બહુ મૂલ્ય વસ્ત્રાભૂષણો મનમુગ્ધકર શૃગારથી,
સહ જાન વિભૂષિત બની નિકળ્યા ચિતોડાધિપતિ.
અતિશય અલકારો વડે ઝળહળ પ્રભા સર્વાંગની,
દેદિપ્યમાન રતી પતિ સમ રાય ખેતલની બની.

વૈભવ-વિલાસ વિપુલતા! વર્ણન વહુ શુ? વ્યર્થ છે,
જગજાણીતી છે જાન! કથવુ એ વિષે શુ અર્થ છે?
ગજરાજ સ્વારી પર વીરલ વરરાજ એ શોભી રહ્યા,
સ્વર્ગીય-શોભા! સુ-અવસર મગલ! ન જાય મુખે કહ્યા.

વાહન વિવિધ ઉપરે વિરાજી જાનને ઝળકાવતા,
વરરાજ સાથ સહર્ષ જાનૈયા સહસ્ત્રો ચાલતા
જાણે ન ચિત્રવિચિત્ર ચચલ જલધરોની ઉપરે,
નક્ષત્ર સાથ શશાંક સ્વર્ગે ભૂ-ભ્રમણ કરવાં ફરે!

વિધ વિધ શુ વાદ્ય–નિનાદથી વધી વ્યોમ–પડઘાની ઘટા,
ગજ અશ્વ રથ ઉંટો વડે છવરાઈ ગંજાવર છટા.
જન જાનના સાનન્દ તામ્બુલ–રકત–મુખ મલકાવતા,
મીઠી મઝા સહુ કોઇ સ્મિતભર લૂંટવા નહિ ચૂકતાં.

રણધીર વીરોના શિરે મ ડીલ સાફા શોભતા,
શસ્ત્રાસ્ત્ર સજ્જીત ! ઝળહળાં રવિ–રશ્મિ પડતા ઝબકતાં.
રણકાર ...... ઘંટા–નાદના .. ઝ કાર ગજ–નુપૂરના,
ખણખણ ધ્વનિ સમશેરના. ..સૂચન કરે રણશૂરના.

એ રાજ્યવ શી ઠાઠ મૂછ–મરોડ ખેંચે ધ્યાનને,
ગર્વિષ્ઠ ગ્રીવા સૂચવે. . સિસોદીઆ–અભિમાનને
ધૂલિ ઉડી મથતી સવિતૃદેવ વ્યોમે ઢાંકવા,
પણ કયા રહ્યા શ્રી સૂર્યના સામર્થ્યને કહો આંકવા ?

સ્થળ સ્થળ વિસામો ભોગવી નિજ પ થ પ્રેમે કાપતી,
પ્રેક્ષક ગણોને દિવ્ય દર્શન દ્રશ્યનું દર્શાવતી.
ત્રીજે દિને સ પૂર્ણ ક્ષેમકુશળ વિનોદાનન્દથી,
વરરાજ સાથે જાન ગે નોલી પધારી ઉમ ગથી.

સન્માનપૂર્વક સર્વનુ સ્વાગત ઘટીત થયું ત્યહાં,
કોકિલ–સરોદો લગ્ન ગીતોના પડે કર્ણે જયહાં.
ઉત્તમ ઉતારો જાનને આપ્યો વિશાલાવાસમાં,
મનકામના થઈ પૂર્ણ રહી નહિ ન્યુનતા અભિલાષમાં.

મંગલ મુહૂર્તે માંગલિક સહુ લગ્ન–વિધિ સત્વર પછી,
વરપક્ષ કન્યાપક્ષમાં આરંભ થઈ ઉત્સાહથી.
તોરણુ ધ્વજાદિ મ્હેલ–દ્વારે ચિહ્‌ન રૂડાં ઝળહળે,
વાર્યાં છતાં આઠે પ્રહર ઉત્સુક નયન એ પર વળે.

પંચરંગી મંડપ આંગણે પૂર્યાં અબીલ–ગુલાલથી,
શા સપ્તરંગી સ્વસ્તિકો સ્ત્રી–વૃન્દ દ્વારે પૂરતી !
દીપોત્સવી દિન તુલ્ય જાણે નગ્રમાં દીપક બળે,
સહુના હૃદયમંદિર વિષે આનન્દ–ઉર્મિ ઉછળે.

વંધ્યા ગૃહે જ્યમ પુત્ર-જન્મે પારણાં બંધાય છે,
માતા પિતા પાગલ બની મંગલ–વધાઈ ખાય છે.
ત્યમ નગ્રવાસી બાલ વૃદ્ધ યુવાન આજ જણાય છે,
ગીતો વિવિધ ગાઈ સખીઓ, રાણીઓ હરખાય છે.

પટકૂળ મોંઘાં ને નવાં ન્હાની નવલ–નારી ધરી,
હસતી મલકતી મ્હાલતી શિર પર ધરી ગાગર ભરી.
જે નગ્ર બાળા, યુવતિ પ્રૌઢા નિત્યનિયમ અનુસરી,
જાતી સદા જળ લાવવા તે આજ નૂતનત્વે ભરી.

કૂવે, તળાવે, શેરીએ, ચોકે અને હાટે બધે,
ગૌરી તણા શુભ લગ્નની નર–નારીઓ વાતો કરે.
નવ વર્ષના મંગલ પ્રભાત સમાન ચેતનમય પ્રજા,
આનન્દ અવસર આજ સહુ લૂંટી રહ્યાં સમરસ-મઝા.

વરરાજની સ્વારી સુશોભિત નગ્ર આખામાં પૂરી,
નહિ સ્થાન સૂઝે ચાલવા જનવૃન્દથી જગ્યા ભરી.
પાછા પધાર્યા મંડપે...દ્વિકર વિષે શ્રીફળ દીસે,
સાસુ પધાર્યા સન્મુખે તેડી જવા ચોરી વિષે.

* * * * *

(બ્રાહ્મણ-વૈશ્ય) "લગ્ન—વિધિ" (આધુનિક)

જ્યાં અશ્વથી વર ઉતરી ને પાટ પર ઉભા રહ્યા,
ત્યાં પંચ વસ્તુ સાથ સાસુજી પધાર્યા પોંકવા.
આરંભમાં ઝુંસર બતાવી સાન કીધી સાસુએ,
સંસાર-શકટ વૃષભ તરીકે નિત્ય શું તું તાણશે!

છે ધર્મ! બીજો અર્થ! ત્રીજો કામ! ચોથો મોક્ષનો,
સામર્થ્ય સ્કંધે ખેંચવા....એ ભાર તો કન્યા વરો.
જો હોય શક્તિ એટલી! તો હોંસ તમ પૂરી કરો,
આવો! વિરાજો મંડપે નહિ તો ભલા! પાછા ફરો

પશ્ચાત્ મૂશળ દર્શનમ્! શો અર્થ એ'નો થાય છે!
જેઃ-ડાંગરાદિ ખાંડવા મુસાએલું આ વપરાય છે
એ'ના વડે સહુ ફોતરા-છોડા જુદા ઝટ થય છે,
અલ્પાશના આરામનો એ'ને લલાટ લખાય છે.

સંસાર-ખાડણીયુ સ્હમજ ! સાળેલુ ત્હારી જાતનુ,
જંજાળ ગૃહની ખાડવા તૈયાર છે દિન રાત તું !
સ્વાતન્ત્ર્ય-આશાને તજી સ્રી-રુપ બેડી-બધમાં,
બંધાઈ કીડા વિષયના ઈચ્છા થવા ! તો અધ થા.

બે પાઠ જ્યાં નિષ્ફળ જતા સજ્ઞા તૃતીય સાસુ કરે,
હસતા જરા કંઈ ફેરવી કરમા રવૈયાને ધરે.
મથન દધીનુ જે કરે... વરરાજ ! તે આ વાસ્ર છે,
પ્રત્યેક પળ પળ વાગશે એ'ના વિષે રહી ફ્રાસ જે.

ગોળી ગૃહસ્થાશ્રમ તણી સુખ દુખ રુપી રવાઈથી,
તુજ હૃદય-મથન થઈ જશે . સસારની સહુ હાયથી.
લ્હાવા અનેરા ! સ્વપ્ન ! ગૃહ-જજાળ-અગ્નિ પર ચઢી,
નવનિત પલકમા નષ્ટ થાશે ને રહેશે તું રડી.

આધી ઉપાધી વ્યાધિ સાંસારિ ત્રિવિધ એ તાપ છે,
લક્ષ્મી ! ભૂમિ ! લલના ! ત્રિપૂટીનો વળી સતાપ છે.
સહવા સશક્ત શરીર શાણા ! તો સુખેથી આવજે,
મુચ્છે થવાને દગ્ધ ! (તો) મડપમા જરૂર પધારજે.

પાષાણુ પર જલધારની કિંચિત્ અમર શુ સાભળી ?
ત્રણે પ્રયત્ને સાસુને ત્યમ પૂર્ણ નિષ્ફળતા મળી.
જામાત્રને સપુટ લઈ સૂચન ચતુર્થ પુન કરે,
ઘેલા ! ત્હને આ સાનથી કંઈ પાઠ જગનો સાંભરે ?

મૃતિકા તણા એ સપુટો સલગ્ન ભાળે આંખથી,
કાચા સુતરનો તાર બાંધ્યો . જ્ઞાત ? શા દ્રષ્ટાંતથી !
પ્રણયી વિશુધ્ધ હૃદય–મિલન ભેટે પરસ્પર પ્રેમથી,
સયુકત હૈયા તે પછી સ્વપ્નેય ભિન્ન કદી નથી.

જે સુત્ર–તતુ શ્વેત વિંટયો ...સ્નેહ–બધન નામ તે,
એ પ્રેમ–મુદ્રા મ્હોર માનો અહીં પૂર્ણવિરામ છે.
એ સ્નેહ–તતુ–ગ્રથી છોડી કોઇ દી છૂટે નહિ,
સાચા હૃદયની હોય તો સરકે નહિ, તૂટે નહિ.

જો વજ્રલેપી પ્રીત એવી હોય તો આવો ભલા !
હો' ઉચ્ચ પ્રેમલ જ્યોત ! અતર તો પધારો મ્હાલવા.
. પણ વાદ્ય–શો'ર કને તતુડી–સૂર શુ કર્ણે પડે ?
(ત્યમ) જામાત્રને મન કઇ નહિ ! સાસુ ભલે ! છો ! બડબડે.

ત્યાં પાઠ શુ છે પાચમો ? સ્હમજાવતા સાસુ તહીં,
રૂ કાતવાની રેંટીઆની ત્રાક નિજ કરમા લઇ.
એ'ને બતાવી સૂચવે ..બારીક તારો આ કરે,
આ શરિરની જે શ્વેતતા ને પુષ્ટતા સવે હરે.

ગૃહ- રેંટીઆની ખર્ચ–ત્રાક ઉપાધિ ! ત્હારે માંનવી,
સુગઠિત તુજ સર્વાંગને કૃષ–શુષ્ક–કર્તા જાણવી.
ચિન્તા રુપી દોરે વિંટઇ ચક્રાગ ચકાવા ફરે,
જે રૂધીર–માસલહીન બીજું હાડપિજર શુ કરે !

કૌમાર્ય-શાન્તિ ! પ્રેમના સલીલે કરે છે સ્નાન જે,
તે ! ઉષ્ણુ-જલ-સ્નાને બળીને શિથિલ-દુર્બલ થાય છે.
ઉત્સાહ, હર્ષાનન્દના શુભ સ્વપ્ન-રસ સૂકાય છે,
પ્રીતિ પલકમા તૂટતાં પ્રણુયી ઉભય મૂઝાય છે

આશા અનેરી બાલજીવનની અલોપજ થાય છે,
કો-ને કળાય લગાર ના કે સર્વ એ કયા જાય છે ?
વાંકુ પડે ઉચા થતા મન કલેશ પયદા થાય છે,
હરખાય પ્હેલા જે ઘણા પાછળ પછી પસ્તાય છે.

વૈરાગ્ય, વિદ્યા, ભાન, ભકિત, બ્રહ્મચર્ય બધુ મૂકી,
વરમાળ વર કઠે ધરે કન્યા કને અવનત ઝૂકી.
પાચે પ્રકારે શિખ દીધી વ્યર્થ જ્યારે થાય છે,
તવ અત જગ-આદર્શ તાણી નાક રહુમળાવાય છે

પ્રેમે પધારો મડપે સસાર માડો ના નથી,
પણ નાઠ માનવ-જન્મનુ ઉત્કૃષ્ટ જાળવજો પછી.
અણુસમજુ સાસુ પોકતી . સર્વત્ર આજે મડપે,
પરણેછ વર-કન્યા વિધિ-તાત્પર્યથી અજ્ઞાન જે.

કસાર-ભક્ષણુની ક્રિયા સદ્બોધ કે'વો આપતી,
પ્હેલા જમાડી કથને....પોતે પછી આરોગતી.
નિજ કાન્ત પણ પૂઠે જમાડી પ્રિયાને સૂચવી રહ્યા,
અર્ધાગના તું અર્ધભાગી, મર્મા ! મમ કર ગ્રહ્યા.

નાડાછડી જે વર-વધૂ-ગ્રીવે વળી અર્પાય છે,
અર્ધાંગ બે જોડાઈ તેમા એક ચેતન થાય છે.
સહુ ભેદ ભાવો ભિન્નતા, ને દ્વિત્વ તે ભૂસાય છે,
એ રક્ત-તારે માંગલિક સંસાર-સૂચન થાય છે.

પાણીગ્રહણમાં પણ હૃદય કન્યા તણુ સોપાય છે,
વરરાજ નવવધૂ-નાવનો નાવિક થવા બંધાય છે.
ધ્રુવ-દર્શનમ્ વરકન્યાને કુલગુરૂ દર્શાવતા,
"અવિચલ રહો ધ્રુવજી સમા" ગૂઢાર્થ એ'વો આપતા.

સંકટ સહજ પડે તથાપિ સ્થાનભ્રષ્ટ થશો નહિ,
સાથે રહી સ્હેજો પરસ્પર કોઈ પરહરશો નહિ.
સંસારમા શાન્તિ, સહનશિલતા સહે રહી કેળવો,
પરિત્યાગ પ્હેલા! પ્રાણ-વિનિમય-ભાવના ઉર મેળવો.

કન્યાં સ્વયં વિભૂષિત સુશોભિત વસ્ત્ર-પટ-પાલવ પછી,
બાંધી પતિના વસ્ત્ર શું અવનત વદન ઉભી થતી.
"મંગળ-પ્રદક્ષિણા" ફરે મંડપ વિષે વર-કન્યકા,
એ ચાર ફેરા ચાર આશ્રમ જીન્દગીના સુચવતા

આગળ પતિ પાછળ પ્રિયા... સંસારમા સરજાયેલી,
નિજ કાન્ત ચરણે ચાલવા કાન્તા સદા બંધાયલી.
સંસારમા સ્વામી સ્ત્રીને સન્માર્ગ-દર્શક ભોમીઓ,
દર્શાવવો રસ્તો શુભાશુભ એહને હસ્તક રહ્યો.

છાયા તરીકે કાયની .. અજ્ઞાત અબળા ચાલતી,.
"જ્યા આપ ત્યા હુ પણ પતિ" ઉપદેશ વિધિ એ આલતી.
શ્રીરામ ને સીતા સતી . નળરાય–દમયતી તણા,
આદર્શ ઉદ્‌બોધી રહી એ રીત એ'મા ના મણા !

પાચાળી ને પાંડવ તથા હરિશ્ચદ્ર ને તારામતી,
સાથે રહ્યા, સાથે ન્હ્યા, સુખ–દુખ સકળ એ દપતિ !
ન્હાની નજી ી જે મનાતી આજ સઘળી આ રીતિ,
ગૂઢાર્થ અકિત ર્ગને સદ્‌બોધપ્રેરક શુ નથી ?

સમજ્યા વિના આ પો રૂઢિ–વર્તન વિષે શો લાભ છે ?
જાતે તપાસો કેટલી અધારમાહી સમાજ છે ?
પ્રેમે પુરોહિતને પુછો .. પ્રશ્નો પ્રતિ ઉત્તર મળે,.
પોત ગુરુ અજ્ઞાત ત્યા શુ ધૂળ શિષ્યોનુ વળે ?

સમજ્યા વિના સો ગ્રથનુ વાચન બધુયે વ્યર્થ છે,
ચાખ્યો મધુર રસ બિન્દુ ના ! જોયો અતિ શો અર્થ એ ?
મ્હોડે મહાભારત વદો કર્તવ્યમા ના કાઈ જો,
મિથ્યા વદેલુ, સર્વ એ . છે ના કર્યાની તુલ્ય તો.

આશય અમારા પૂર્વજોના . ઉચ્ચ અધારા વિષે,
એ ભાવનાનો ભાસ સરખો આજ ક્યાયે ના દિસે.
હેતુ વિનાના લગ્ન એ . મ્હોટુ નકામું નામ છે,
મંત્રો ભણે ભુદેવ તે પોપટ પઢે "શ્રી રામ" છે.

ભાવી પતિ–પત્ની નર્યાં પાષાણ–પારસ–પૂતળાં,
અજ્ઞાન કે તો એટલાં ! છે "લગ્ન" એ શું ચીજ હા !
કૈંને અધૂરા જ્ઞાન (પણ) પૂરા ભાન કો–ને ના મળે,
સ્વર્ગીય–સુખ–સંસારના સ્વપ્ના પછી કયાથી ફળે ?

સત્સ્નેહ જેવી ચીજ વરકન્યા–હૃદયમાં હોય ના,
"શું શું બધું આ થ રહ્યું" એ ભાન પૂરૂં હોય ના
ભાવિ–જીવન સંધાય, કન્યા–પુત્રના માબાપથી,
ગંઠાય ફૂળા–તાતણા અણસમજુ ન્હાની વય થકી.

કડવા ફળો કંકાશ–કલેશો નિત્યના આવે પછી,
અમૃતમય આ જીંદગી તે લાગતી ઝેરી પછી.
જ્યાં સંપ નહિં સંસારમાં, ગૃહ એકના નર–નારમાં,
ત્યાં ઐકય–આશા દેશમાં આકાશ–પુષ્પ સમાન હા !

× × × ×

ઉપરોકત કૈંક વિધિ પછી જ્યાં મંડપે વરશ્રી ગયા,
ત્યાં ગાન યુવતિ–વૃન્દના ચોમેરથી ગર્જી રહ્યા.
સ્વાહા ! ભૂદેવો ! સાવધાન ! તણા સ્વરો કાઢે બહુ,
કાને પડ્યું સૂણાય ના શું શું કહું ? શું ના કહું ?

મ્હેણા પરસ્પર પક્ષથી અકકેકને દેવાય છે,
મંગળ ગીતો મદભર મહિલા મધુર રાગે ગાય છે
જય ને પરાજયની અહિં પૂરી પરીક્ષા થય છે,

કર્કશ ધ્વનિઓ કર્ણે બાલાકંદના અથડાય છે,
સર્વત્ર હોહોકાર ! વિણુ અક્ષર પ્રવેશ ન થાય છે.
કો ચાલતુ, કો મ્હાલતુ . કો આવતુ, કો જાય છે,
બોલાવતુ, કો દોડતુ, વેશો વિવિધ ભજવાય છે.

વસ્ત્રાભૂષણુ વિવિધા ધરી જન–મેદિની ઝા'મી રહી,
ને અવનવા અગે અલકારો ધર્યા ખામી નહી.
શુ દ્રશ્ય ઝાકઝમાળ ! શોભા લગ્ન મડપની અહા ?
શુ વર્ણવું ? ગુચ્છો અને ગુચ્છો ગુથેલા પુષ્પના.

મઘમઘ પરિમલ આગણુામા મડપે પ્રસરી રહી,
મ્હેલે અને મડપ વિષે શી રોશની ઝળકી રહી ?
શુ રાજ્યમાર્ગાકાશમા (રાત્રે) સાથે પ્રકાશી સો શશિ,
વધવા રવિથી તેજમા સ્પર્ધા કરે ! કમ્મર કસી !

મડપ ! કરી કારીગરી હીરા અને રત્નો જડી,
ન્હાના વિધિ અણમૂલ નૌતમ કૂલડે લીધો મઢી.
દીપક તણા રશ્મિ સમીરે સ્હેજ જ્યા હાલી જતા,
ત્યા વીજ–ચમકારા સમા ઝગ ઝગ ઝવાહીરો થતા.

અફસોસ ! પણ આ સર્વથી કન્યા-સ્થિતિ કયમ ભિન્ન છે ?
મુદ્રા પ્રભાના પુન્જ શી ! મંગલ સમય શિદ ખિન્ન છે ?
"ભર્તા મિલન" નો અતરે જેવો અકથ્યાનદ હા !
"માતા પિતાનો વિરહ" થાશે શોક એથી મન્દ ના.

ઉર "શ્વસુર–પક્ષ–નિવાસ ! સ્વામી–સેવ" ઉત્કંઠા ભરી,
(પણ !) "મહિયર હવેથી મૂકવુ" એ ત્યાગ આવે સાંભરી.
આનન્દ–અવસર ! મિશ્ર તદપિ અર્ધ ભાગે શેકથી,
ક્યાંથી છૂટે માબાપનો એ મોહ કૂહો સંતોષથી ?

રે ! જનક જનની જન્મભૂમિ વિરહ–ત્રિપૂટી ત્રણ અહા,
એ જનક જનની જન્મભૂમિ ! પ્રેમ ત્રણ્ણેનો મહા
માબાપહીન સંતાનને એ સ્નેહ શો ? પૂછી જુઓ,
નિજ દેશ–પ્રેમી દાખલા ઇતિહાસમા વાચી જુઓ.

નિર્દય નયન ભીના થયા છે ત્યાગતા એ ત્રિપૂટી,
પાષાણ–હૃદયો પીગળ્યા–પલળ્યા નિહાળી મૃતાકૃતિ.
માબાપ–મમતા વીરલ–વિભૂતિ–રત્ન જ્યા ન તજી શક્યાં
કોમળ કુસુમ–દિલ-બાલિકા વિસરી શકે વાત્સલ્ય ત્યાં ?

સાહેલીઓ પરિધાન આભૂષણ અમૂલ્ય કરાવતી,
અનુપમ અલંકારો વિવિધ શૃંગાર સોળ સજાવતી.
કો કેશ–વેણી ગૂંથતી. . મહીં ફૂલ રૂડા મૂકતી,
મીઠી મઝા "વરઘેલી" કહી સખીઓ વિનોદી લૂંટતી.

નિર્દોષ ગમ્મત–મશ્કરી શરમાળ ગોરીની કરે,
પણ ધ્યાન એ પર બાળનુ તલ ભાર પણ ન્હોતુ ખરે !
મુખચંદ્ર કાન્તિ શાન્તિમય ગંભીર અદ્દભુત ભાવ હા !
અવલોકતા જે ઉદ્દભવે હૃદયે અપૂર્વ પ્રભાવ શા ?

અણુમૂલ અમ્મર ઓઢીયા મહીં તાર સોનેરી હતા,
ટીકી મૂકી વેલો ભરી ..જે હાલતા ઝગ ઝગ થતા.
હૃદયે ઉષા-રંગી ગુલાબી . કંચુકી આછી હતી !
શું મેઘધનુષ સમાન રંગો સમ નવ-ચીરે નથી ?

નાજુક નમૂનેદાર કાયા શોભતી કાંચન સમી,
યૌવન તણા આરંભમાં ઉન્માદિની રહી'તી રમી.
શ્વેતાંગ ગૌરી-કાય જાણે હેમથી સીંચી ભરી !
રત્નો જડી, કારીગરી કુન્દન તણા મ્હેલે કરી

કર-કંકણો હીરા, મણિ, માણિક્ય મોતી હેમના,
રમઝમ થતા નુપૂર તે દીપાવતા પગ જેમના.
કટિયે કનકની મેખલા નિતંબ સુધી ઝૂલતી,
મિંચાય આંખો સ્હેજ ! પલકારે વળી પૂરી ખુલતી

કર્ણે ધર્યાં બુટ્ટે ફૂલો જે એ ઘડી જોવા ગમે,
વેસર તણા કંઇ ભારથી મૃદુ નાસિકા નીચી નમે
સીંચી અડાઅડ હાર કંઠે હેમ-હીરાના ભર્યાં,
વેણી વિલક્ષણ ગ્રંથણીમાં પુષ્પ પચરંગી ધર્યાં.

જુઇ, જાઇ, ચંપેલી, ગુલાબો, મોગરા, મધુ-માલતી,
જે કાળજું શિતળ કરે . તે બ્હેક મઘ મઘ આવતી
અંજન કરેલું આંખમાં આછું અને અદ્ભુત હતું,
મુખ કદિ કદિ સહીઅર-વિનોદી ગોષ્ટીથી મલકઇ જતું.

મેંદી મુકેલી ચરણને હસ્તો ઉપર શોભે અતિ,
હી ! હી ! કરી હસતી સખી ! "સાક્ષાત્ બ્હેની તું રતિ."
તાંબૂલથી મુખ લાલ અધરો સાથ રંગીન કર્યું,
ચંદ્રક કપાલે ચ્હોડીને અભિમાન ચઢાનુ હર્યું.

ઉન્મત્ત અંગોઅંગમાં ઉભરાઈ યૌવન જાય છે,
નાજુક પયોધર અંકુરોનો ભાસ આછો થાય છે
સુરખી સુકોમળ ગાલ પર આવે દબાઈ જાય છે,
ભણકાર ભયના ભાસતા નયનો વિષે નિર્ખાય છે.

નિસ્તેજ મુદ્રા મ્લાન-મુખ કંપિત કાય જણાય છે,
ધ્રૂજે ચરણ ! ધબકાર હૈયે અશુભ કેરા થાય છે.
નિજ દક્ષિણા ચક્ષુ ફરકતી બાળની આજે બહુ,
ભાવિ-અમંગળ ભેદની આગાહી એ તો ન્હોય શું ?

સાહેલીઓના મ્હેન ચાગા, આજ કંઈ ગમતા નથી,
પટકૂળ મોંઘા મૂલના ! હૈયે જરા રમતા નથી.
લ્હેરાતી સખી મળી તેમાંય ભૂલ જણાય છે,
શું ભાવિ-પટ પર લેખ ? જોવા એ અધિરી થાય છે.

નિજ ભાલ-ચંદ્રક વક્ર દર્પણમાં જણાતાં કંઇ જરી,
કરવા બરાબર ગોળ બોળી અંગુલી કંકુ (એ) ફરી,
ચૂકી ! કરેથી છટકીયું . કંકાવટી ઉપર પડયું,
દર્પણ ગયુ ફૂટી ! અરેરે ! સાથ કંકુ સૈ ઢળ્યું.

સમજ્યુ ખરેખર ! બાલિકા ! સમજી ગઇ એ સાનમાં,
સૌભાગ્ય-કુમ્ કુમ્ હાય ! સર્જાયુ નથી મમ ભાલમાં.
કંકણુ કરે ઢીલા પડી ઉતરી જવા પગલા ભરે.
કંકણુવિહીન વૈધવ્ય-વેશ તણી શુ સજ્ઞા એ કરે ?

વેણી ગુથેલીની લટો ઢીલી અતિશય લાગતી,
છૂટી જવા સઁકેત હશે શુ ? બાળ એમ વિમાસતી.
ભણુકાર ભાવિ-ભર્મનો ના અન્ય કો સમજી શકયુ,
પણુ ધીનતી ગૌરી થકી એ લેશ ના ઢાકયુ રહ્યુ.

પરિધાન પટકૂળો કર્યા પણુ મન વિનાના ઠીક છે,
મગલ પ્રસગે આજ વિપરિત સર્વ એની રીત છે.
સરાની સખીની મશ્કરી આજે હવે ગમતી નથી,
આનન્દ-ઉર્મિ નવ વધૂને અંતરે રમતી નથી.

પરિધાન થાતા પૂર્ણ શૃગારો યથોચિત રીતથી,
સાહેલીઓ મડપ વિષે ! સ્વામિ કને ! સહુ પ્રીતથી.
તેડી જવા પગલા ભરે ! ઠોકર પ્રથમ પગલે તહીં,
વાગી, પડી બાળા ભૂમિ, દુર્દૈવ આ કૂહો શુ નહિ ?

બેઠી કરી ને ઠીક વસ્ત્રાભૂષણો સહુએ કર્યાં,
મંડપ પ્રતિ રૂડા ગીતો ગાતા પછીથી પરવર્યાં.
નિજ કંઠગ્રીવા લલિત લજ્જા-ભાવથી નીચી કરી,
અવલબતી બાળા બધાને મદ પગલે પરવરી.

પ્હેલે પગથીએ નવ-વધૂની શું દશા દેખાય છે?
મર્યાદવશ મુખચંદ્ર ઘન-ઘુંઘટ વડે ઢંકાય છે.
એ કુદરતી ક્રમને લઈ કન્યા ટળી કાન્તા થતાં,
પ્રતિઘોષ ચોગમ થઇ રહ્યા ચોરી વિષે ગૌરી જતાં.

સહુ વિપ્રવરથી વેદમન્ત્રોના ધ્વનિ ગર્જઇ રહ્યાં,
ને વર-વધૂના ભિન્ન રૂપો એક તત્ક્ષણ ત્યાં થયાં.
જ્યમ કમલ સંગે કમલિની કંઈ અર્ધ વિકસિત શોભતી!
ત્યમ શૌર્યદેવ ઉછંગમાં સંપત્તિ દેવી દીપતી!

જે ૐ અર્થે પ્રજવલિત વહ્નિ કરાઈ પ્રભા ભરી,
તે વર-વધૂના ચિત્તની પ્રેમાગ્નિ જ્યમ પ્રકટી ખરી!
જ્યાં એક સાથ પરિક્રમા બેએ કરી અગ્નિ તણી,
ત્યાં દ્વિત્વ-ભાવો ભસ્મ થઈ ને એકતા હૃદયે લણી.

"વર-વધૂની પ્રતિજ્ઞા."

નિજ હસ્ત બાળાએ પતિના હસ્તમાં પ્રેમે ધર્યો,
સંસાર--સાગરનો સુકાની સર્વ સમ્મુખે કર્યો.
મુખથી વદી "નાવિક! જીવન-નાવ આ સોંપી હવે,
ડૂબાડવા! યા તારવા! સંપૂર્ણ સત્તા છે હને."

"આ લોક કે પરલોકમાં પરમેશ મ્હારે તુજ છે,
આ અંધને ગ્રહી હસ્ત દોરવનાર કેવળ તુજ છે.
સંસારના સૌ સત્વમાં પણ શ્રેષ્ઠ મ્હારે તુજ છે,
સદ્જ્ઞાન સાથે મોક્ષદાતા દેવ મ્હારે તુંજ છે."

"હું કિંકરી સરજાયલી સેવા કરીશ તન મન, વતી,
છે ધન્ય મ્હારા ભાગ્યને ! જે તમ સમા મળીયા પતિ.
સાસુ અને સસરા ગણી માતા-પિતા સેવા કરૂં,
આદેશ સ્વામિ આપના કરજોડી સૌ શિર પર ધરૂં "

"સંતોષ ! સુખ દુ:ખમાં સમાન ધરી રહું હૃદયે સદા,
અર્ધાંગના થઈ અર્ધ ભાગે ભોગવું તમ આપદા.
ચઢતી અને પડતી વિષે ચ્હાઇશ નિર્મળ પ્યારથી,
સદ્બુદ્ધિ હે સર્વેશ ! રે'વા દૂર દુષ્ટ વિકારથી "

"આદર્શ-રમણીના પતિવ્રત સુત્રનું પાલન કરા,
કલ્યાણ થાએ કાન્તનું એ ભાવના ઉરમાં ભરા.
જ્યાં આપ મરશો વીર ત્યાં વીરાંગના થઈ હું મરાં,
છાયા તરીકે આપની કાયા પૂંઠે નિત્યે ફરાં "

"સ્નેહી-સગાં સૌ કોઇ સાથે સંપથી સંસારમાં,
વર્તિ વિવેક વિનય વડે રે'વા સદા મમ ભારમાં
સંભાળજો હે દેવ ! તમ ડોકે ચઢેલા ફૂલને,
ખર્ચી, ખરીદયું ભૂલશો ના આપ ! મોંઘા મૂલને "

અગ્નિ નિકટ આ'વી પ્રતિજ્ઞા નવ-વધૂએ ત્યાં લીધી,
ગૌ-દેહ નિજ ગોવાળીઆના કર વિષે સોંપી દીધી.
અંતર તણા સાચા ઉમળકાથી વરે પાણી ગ્રહી,
સહુ જનસમૂહ સમક્ષ કે'વી પ્રતિજ્ઞા વાણી કહી.

"આ ચંદ્ર તારા મંડળોને સાક્ષી રૂપે જાણીને,
ભેગા મળેલા વિપ્રવરને દેવ તુલ્ય પ્રમાણીને.
તુજ હસ્ત ઝા'લી આ ક્ષણે આ સ્થાન પર બંધાઉં છું,
ભવસિંધુમાથી તારવા સાચો સુકાની થાઉં છું."

"દેવી ! ગણી ગૃહરાજ્યની હું હસ્ત ત્હારો સાહું છું,
ગંગા સમી સરિતા થજે, નિર્મળ થવા હું ચાહું છું.
અર્ધાંગના નિર્મી ત્હને દુઃખ-સુખ-સંગીની કરી,
સંસાર-નૌકા તારવા સાચી સલા'હદાયક ઠરી"

"અંતર દુભાવીશ ના કદી ચાહીશ નિર્મળ પ્યારથી,
ગૃહ મંદિરે અમરાપુરી ઉતારશું (સદ્) આચારથી.
જે દેહ દીધી છે મ્હને તે પાળવા બંધાઉં છું,
ને પ્રાણ સાટે પ્રાણ દેવા દેવ-સોગન ખાઉં છું"

"હું દેવ ! દૈવી-પુષ્પ તું આવી અને કોકે ચઢયું,
ખુલ્લા હમારા દ્વાર સુખે આવ શું ભૂલું પડયું ?
સ્નેહે સ્વિકારૂં છું ત્હને શ્રધ્ધા અવિચળ રાખજે,
ત્હારી મધુર સુવાસથી સંસાર મમ મ્હેકાવજે."

એ રીત અન્યો અન્યની ભાવિ-પ્રતિજ્ઞાઓ થઇ,
પુત્રી મટી માબાપની હમ્મેશ પતિની થઇ ગઇ.
અંતરપટો આઘો થયો કે બાલ્યકાળ પુરા થયા,
ને વર-વધૂના જીવન-વારિના પ્રવાહ બીજે વળ્યા.

રે ! વિશ્વમા સર્વસ્વ વહુનો એક વ્હાલમ્ રહી ગયો,
ને ધર્મધારામા ગણો સસારમા સ્વામી રહ્યા.
સર્વસ્વ સોપી કન્યકાએ કાન્તની પ્રાપ્તિ કરી,
શુ પુણ્યપદની પ્રાપ્તિ છે નિજ આત્મદાન વિના જરી ?

પાણિગ્રહણનું દ્રશ્ય આ હમ્મેશનું તો પણ નવુ,
વરથી ગ્રહાઈ કર વધૂનો આજ સોપાયુ સહુ
રે ! આ સમય સહુ આખમાથી પ્રેમમય અશ્રુ ખર્યાં,
આ લગ્નના સબધમા સુર ને શશિ સાક્ષી ઠર્યાં.

વિણુવિઘ્ન ને સાનન્દપૂર્વક લગ્ન-વિધિ પૂરી થઇ,
ને યોગ્ય કન્યાદાન સહ પહેરામણી પણ દઇ ગઈ
આથી વધુ વર્ણન ખરેખર નિષ્પ્રયોજન છે અહિ,
કારણ કળાશે ! ધ્યાન ન્હાની વાત પર લાગે નહિ.

આ લગ્નની મંગળમયી રીતિ બધી પૂરી થતાં,
વરપક્ષ કન્યાપક્ષના સજ્જન સહુ વિખરઇ જતાં
નરનારીઓ નિજ મદિરે સહુ મન્દ પગલે પરવરી,
આખા દિવસની શ્રાન્ત સઘળી જાન પણ પાછી ફરી.

ઘોંઘાટ સઘળો સાદ ક્ષણમા સાફ ત્યાથી થઇ ગયો,
નિસ્તબ્ધતા સ્ફૂરી બધે ને અંધકાર છવાઈ રહ્યો.
સાડી સજીને ચદ્રિકા (ની) સુન્દર રૂપેરી રંગની,
શશિદેવની હૃદયેશ્વરી ! રમણીય રજની શુ બની !

'નિજ અંગની કાળાશ ચંદ્રિકા રૂપી તેજે હરી.
સમ્ સમ્ નુપૂરના નાદથી પ્રાણેશ પાસે પરવરી.
શુભ તારલાંની ટીપકી સાડી ઉપર શું શોભતી?
સસ્મિત મુખે શર્વરી' પતિ શશિદેવને સંબોધતી.

ભૂ-લોક જ્યારે ગાઢ નિદ્રામાં પડેલો દીસતો,
આ નાટય "રજની-ચંદ્ર"નો રમણીય આકાશે થતો.
શાન્તિ પરમ શાન્તિ સકળ સ્થાને સરસ છ.ઇ ગઇ,
લગ્ને મળેલી મેદિની સંપૂર્ણ નિદ્રાધીન થઇ.

*　　*　　*　　*

"આખા દિવસના પરિશ્રમિતના શ્રમ તું માત ! ઉતારતી,
ચિન્તા હરી દારિદ્રીની દેવી' સુખે સુવડાવતી.
રોગી નિરોગી સર્વને તુજ અંકમાં આરામ છે,
નૃપથી લઈ નિર્ધન સુધી તા'રા તમામ ગુલામ છે."

" તું દેવી છે દુ:ખહારિણી, ભય-શોક વિઘ્નવિહારિણી,
આલિંગને ત્હારા મળે છે માત શિતળતા ઘણી.
ધનવાન ચિન્તા ધન તણી ભૂલે છ ત્હારા અંકમાં,
ભૂખે પિડાતા ભૂલતા નિજ ભૂખ તુજ ઉછંગમાં.

*　　*　　*　　*

એ લગ્ન-રાત્રી એમ ત્યાં પળવારમાં પૂરી થઇ,
પાછી પુન: બીજી પ્રભાતે ધામધુમ ચાલી રહી.
ભોજન મધુરા, શાક વિધવિધ પાક પણ કંઈકો થયાં,
આનન્દથી સ્વજનો વડે જે સર્વ આરોગાઇ રહ્યા,

એ ત્રણ દિવસ વરરાજ સાથે જાન ગેલોલી રહી,
ખાધું પીધું મનભાવતું કો વાતની ખામી નહિ.
આવ્યો જવાનો દિવસ ને તેય ર સર્વે થઇ ગયા,
વૈભવ, વિલાસો, ગાનતાનો તત્ક્ષણે પૂરા થયાં.

કન્યા વળાવાનો કરૂણામય દિવસ આવ્યો અહા!
પણ! શોક થાયે શું લખું ? ઉત્પાત ત્યાં ઉપન્યો મહા.
અફ્સોસ! સત્યાનાશ! એ વિપ્લવ વડે સહુ થઇ ગયું,
ને એ દયાદ્ર કથન સુણીને દુઃખ કોને ના થયું ?

* * * *

દરબારમાં વરપક્ષ કન્યાપક્ષના સભ્યો હતા,
જેઓ પરસ્પર વાત વિધવિધ પ્રેમથી કરતા હતા.
એકકેકથી આનન્દમય જ્યાં વાણી–યુદ્ધ થઇ રહ્યું,
ત્યાં લાલસિંહ નરેન્દ્રએ કવિરાજ વારૂને કહ્યું.

"ચિતોડમાં કવિરાજ' જે મૂર્તિ ભૂમિથી નીકળી,
મ્હારી કુતૂહલતા વધી છે વાત ત્હેની સાભળી.
આપે રચી'તી એ ઉપર ગીત મનોહર ત્યાં વળી,
અદ્‌ભુત કવિત્ શક્તિ વડે કીર્તિ પરમ તમને મળી."

"ધનભાગ્ય છે ચિતોડના જ્યાં આપ જેવા સુ–કવિ,
સર્વત્ર! શક્તિ દૈવી આ! નિઃશંક છે! સ્વીકૃત થવી.
તદપિ મ્હને કે'વું પડે છે આપને એ ખેદથી,
કે હે કવિ! આ કામ આપે યોગ્ય તો કીધું નથી."



અહા! રાધે પ્રિયા પ્યારી! દઈ દે મોરલી મ્હારી,
હસે શું? ટેવ આ ત્હારી! મ્હને લાગે નહિ સારી.

(જુઓ પૃષ્ઠ ૭૪ મું

'અનાવિલ' પ્રેસ, સુરત.



ચોળી કચુકી માગી અને આ જરમ્મા સાડી
નોકરો હાર મોતીનો તને કયમ લાજ ના આવે ?

વધુ માટે જુઓ લાલદીવો

"વિદ્વાન થઇને વારુજી આપે ભલા આ શું કર્યું ?
ગૌરવ સમસ્ત બની ખુશામતિયા વૃથાજ ગુમાવીયું.
સમજુ થઈ શુ આ ઘટે ? દુર્વ્યય સ્વહસ્તે શક્તિનો ?
સભવ ખુશામતખોરમાં નહિ સ્હેજ સ્વામી–ભક્તિનો."

"નિષ્પક્ષપાતે રાજ્યના ગુણુ દોષ જે સહુ વર્ણવે,
નિર્ભય કવિ એ'વા તણી નૃપને જરૂર જરૂર રહે.
અફસોસ ! પણુ જ્યા આપ જેવા સુજ્ઞ "હાજીહા" કહે,
ત્યા ભુપના કલ્યાણુની આશા પછી કયાંથી રહે ?"

"આપે કહ્યું'તુ [illegible]સ્વર્ગમા, પાતાળમાં હાની નથી,
શું આ કથનથી આપની વાણી કલંકિત થઇ નથી ?
રાજેન્દ્રના ગુણુગાનની કથતા સહુ સુન્દર કથા,
તોપણુ તમારૂં આ કથન તો અમર્યાદિજ સર્વથા."

"પરમેશ વિણુ કો અન્યની એ'વી પ્રશંસા ના ઘટે,
છે અદ્વિતીય મનુષ્ય એ'વુ એક જેને જગ રટે ?
એકેકથી ઉત્તમ રહ્યા એકેક આ સંસારમાં,
નહિ પાર કો પામી શકે પ્રભુ–સૃષ્ટિ પારાવારમાં."

"કંગાલ ઝુંપડીમાં કઇ નર–રત્ન ઉત્પન્ન થાય છે,
જે ગગનચુંબિત મ્હેલમાં નહિ જન્મતા દેખાય છે.
સદ્દગુણુ ઉપર મુદ્રા નથી કઇ જાત, કુળ વિશેષની,
ત્યારે અવજ્ઞા આમ કહો શાને કરી સર્વેશની ?"

"રચનાર રામાયણુ તણા વાલ્મિક મુનિ ડાકૂ હતા,
હનુમાન વાનર જાત પણ શ્રીરામના સવક થતા.
પક્ષી અને વન-ઔષધિ જેવી ગર્ભ્યે પાકતી,
તેવી બગીચે બહુ પ્રયાસ-શ્રમે કરી નવુ ના થતી"

"શુ સત્ય છે? ખેતક્ષ વિના દાની દ્વિતીય કે ઇ નથી?
ના ..ના ..મૂકુ મમ શિષ જો માગો તમે ભૂમિ નકી
માગો નહિ આ વાર જો તો આપને ધિક્કાર છે,
બોલ્યુ અબોલ્યુ હુ કરૂ! (તો) મમ જન્મને ફિટકાર છે"

"પાષણુ-મૂર્તિ એ ભલા! એ'ની ગ્રાવા શુ કાપવી?
નિર્જીવ સ્વયમને મારવા તસ્દી નકાની આપવી!
કિન્તુ કથા આપે કહી'તી ખોટી ત્વ દરબારમા,
એ ભુલની શિક્ષા સહો તમ ખડ્ગ ધારમા"

કહી આટલુ ભૂપે કવિને મૌન-વ્રત ધારણુ કર્યું,
નિજ રોષ-જ્વાળા શમવી અતર! પોતાનુ અનન ગ્રહ્યુ.
પણુ ક્રોધ-આવિર્ભાવથી લોચન અરુણુ-વર્ણા થયા,
માણિક્ય બે જાણે બરાબર પદ્મમાં શોભી રહ્યાં!

આઘાતકર આક્ષેપથી લજ્જિત અતિ કવિશ્રી! થયા,
ધોવાય વૃષ્ટિથી કમળ! ત્યમ નીર નયનાથી વહ્યા.
એ ગૌરવાકિત ગાલ તે મૌક્તિક-કણે ભીંજાઇ ગયા,
હૈયું ઘવાયુ શબ્દ-તીરે ગાત્ર રોમાંચિત થયાં.

ઉન્નત રહેતુ શિર સદા....અવનત અચાનક તે થયું,
પુષ્પો સમાન પ્રફુલ્લ રે'તુ મુખકમલ કરમઈ ગયુ.
અગ્નિ થકી આક્ષેપનો આકરો પ્રભાવ જણાય છે,
સમશેર-શરથી શબ્દ-શસ્ત્રે તીવ્ર વાવ ગણાય છે.

શસ્ત્રાસ્ત્ર-ઘા-ઉપચાર અગણિત ઔષધોથી થાય છે,
અંગો ધવાયા કે કપાયા સત્વરે સધાય તે.
એ બહિર્વ્રણ રૂઝાવવા વૈદો સમર્થજ થાય છે,
પણ માનસિક આ જખ્મ તો મરતા નહિ રૂઝાય છે

ધીમાન ગૌરવવાન સ્વાભિમાની જે કહેવાય છે,
નિજ નિષ્કલંકીત નામ સાથે નાકને જે ચ્હાય છે.
તે વીર નર આ'વા કટાક્ષો જન્મમા ના સાખતો,
જીવન કલંકીતથી ખુશીથી મ્હોત-ઇચ્છા રાખતો

તત્કાળ સ્વાભિમાની કવિયે શિષને કાપ્યુ તહીં,
શુ માનસિક સતાપ જીવન-કાળ માનવના નહિ?
"મૃત્યુ" મહાન ઉપાય છે, ગૌરવ-ગમનના શોકમા,
પણ ખેદકારક (છે) મૃત્યુથી (જો) અપમાન થાયે લોકમા.

જીવન થકી જાહોજલાલી કીમતી કવિયે ગણી,
સાચા કવિ તો તેજ પરવા જેમને નહિ પ્રાણની.
સત્યાર્થ સ્વાત્માર્પણ કરી ક્ષણ માહી સ્વર્ગે સંચર્યા,
નિર્ભય બની હસતે મુખે શુરવીરને મ્હોતે મર્યા.

"મમ ભૂલ થઈ, આપો ક્ષમા," મરતા મુખે નહિ ઉચર્યાં,
નૃપ-મહેલ પર નિજ પ્રાણ ન્યોછાવર કરી ચરણે ધર્યાં.
ડાઘો જીવન-ચરિતે કદી કાળો કવિ ! ના પાડજો,
કૅપી તમારી કીર્તિના છેકા વિનાની રાખજો.

કાજળ થકી ને કીટ્ટથી કાળું વિશેષ કલંક છે,
ઈરાદે થમના એ તૃતીય તો સર્વદાય અખંડ છે.
સંભાળજો સહુ સુજ્ઞ જન ! સ્પર્શે ન એ તમ અંગને,
સ્મરણે ધરે આ શિર-સમર્પણના અપૂર્વ પ્રસંગને

પરમેશ ! જો આપો તમે આ'વા કવિશ્રી આપજો,
નિજ જનની-હૃદ દીપાવનારાઓ જગતમાં પાકજો.
આ'વા વીરના મૃત્યુ-પ્રસંગો બક્ષજો ! બહુ હે વિભુ !
આ સ્વાભિમાને સ્વર્ગ સંચરતા શૂરા સૃજજો પ્રભુ !

હા ! ઉષ્ણ શોણિત-ધાર જ્યાં દરબારમાં ચાલી રહી,
ઘોઘટ હાહાકાર સહુ વિસ્મિત સમિતિ થઇ ગઈ.
રે ! રક્ત ઝરતું શિષ એ ભૂમિ ઉપર ગબડી ગયું,
તે હું ખહાયક ભૂલ ! જાણે ધૂળમાં ધોઇ રહ્યું.

વરપક્ષના વીરો નિહાળી દ્રશ્ય આ પ્રજળી ઉઠયા,
અપમાન, કવિના પ્રાણ સાટે પ્રાણ-આકાંક્ષી થયા.
આબાલવૃદ્ધે આજ સ્વાભિમાનને વ્હાલું કરી,
શોણિત પિપાસુ શીઘ્ર શમશેરો સ્વહસ્તોમાં ધરી.

વીરસિહ ભૂપે શાન્તિની જો કે કરી ચેષ્ટા અતિ,
વૃધ્ધિ થઇ એથી વધુ ...જયમ અગ્નિમા ઘૃત-આહૂતિ.
અપમાન ના ભૂલે સ્વમાની લાખ, કોશીશો કરે,
છે ધન્ય તે નરવીરને ! સરક્ષવા ગૌરવ મરે.

લાચાર કન્યા પક્ષના પણ વીર ત્યા સા'મા થયા,
પળ વારમા પ્રાણો કઇક પરલોક-પથે પરવર્યા.
રે ! અન્ય તો શુ બોલએ ! જો જનક પોતાનો કહે,
તો પણ ખરો ક્ષત્રિય ના માર્યા વિના એ'ને રહે !

* * * * *

એ એજ ગૌરવ એક દિન આ હિન્દ પણ ધરતુ હતુ,
એ એજ લોહી સ્વતત્રતાનુ રગે રગ ફરતુ હતુ.
ગૌરવ ભરી ભૂગોળ-ઇતિહાસેછ જે'ની નામના,
કગાલ ને નિર્માલ્ય તેનુ તેજ હિન્દુસ્થાન આ.

આ દુન્યવી વ્યાપાર-ધ્વજ ફરકાવતુ નિશાન જે,
યોગેન્દ્ર શ્રી ભતૃહરિનો જન્મ હિન્દુસ્થન તે.
હનુમાન ! જે'ના બ્રહ્મચારી ભીષ્મ સમ સતાન છે!
સીતાપતિ શ્રી રામની નદનભુમિ આ સ્થાન તે.

નૌતમ કળા-કૌશલ્ય ! જેનુ અગ્ર-ભાગે નામ છે,
નજરે નિહાળો તાજમ્હેલ તણુ શુ કોતરકામ છે ?
જ્યા અદ્વિતીય નરો થયા, જે માટ સહુને હર્ષ છે,
વ્હાલુ પુરાતન આપણુ તે આજ ભારતવર્ષ છે.

સુરદાસ, ભકત સગાળશા, નરસિં', સુદામા, ધ્રુવ, થયા,
પ્રહ્લાદ, પુંડલિક, સુધન્વા, અંબરિષ, શ્રવણાદિ થયા.
સ્વામી ×દયા, +શ્રદ્ધા અને શ્રી રામતીર્થ અહીં થયા,
ઉપદેશકો ×શંકર વિવેકાનંદ, ×બુદ્ધ, ×ઇસુ થયા

જ્યાં બાણ, કાળીદાસ, ભવભૂતિ કવિરત્નો થયાં,
ગૌતમ, વસિષ્ઠઋષિ, પરશુ+ ! સમા પ્રલયી થયા.
અણમૂલ રત્ન અનેકથી આ હિન્દ–રત્નાકર ભર્યો,
ઓછા થયા, થાએ, થશે, કો–ની હિસાબભલા ! કર્યો?

હરિશ્ચંદ્ર રાજા ભોજ, વિક્રમ, કરણ સમ દાની થયા,
સીતા, સુકન્યા, દ્રૌપદી, મંદોદરી ને અનસુયા.
દમયંતી સાવિત્રી, સતી સુલોચના ને નર્મદા,
જાહેર છે, જન્મી હતી (એ) સર્વે અમારા દેશમાં

આ દેશમાં અમરાપૂરીનો એક દિન વૈભવ હતો,
જે સ્વર્ગવાસી સૂરને પણ જન્મવા લલચાવતો.
સઘળુ ગયું, હજુ જાય છે, જાશે જુઓ કરી આંકડો,
જે શ્રાપડાનો બાપ આર્યાવર્ત આજે આપડો.

જે દેશ માટે જગતમાં સહુ કોઇને અભિમાન છે,
ઇતિહાસમાં જે દેશનો "આદર્શ" ઉંચે સ્થાન છે.
ગીતા ! પુરાણ ! કુરાનનું સર્વત્ર જ્યાં સન્માન છે,
સહુ ધર્મ ઉત્પાદક ગણો તો આજ હિન્દુસ્થાન છે.

×દયાનંદ શ્રદ્ધાનંદ ×શંકરાચાર્ય ×ગૌતમબુદ્ધ ×ઇશુખ્રિસ્ત +પરશુરામ.

જે તાતને તેત્રીસ કોટી જગતમાં સતાન છે,
યાહૂદી, ખ્રિસ્તી, પારસી, હિન્દુ ને મૂસલમાન છે.
સ્વાતંત્ર્ય-રત્નને સેવતુ આજે ભૂલેલુ ભાન જે,
હુન્નરવિહીન પરતત્ર તે પણ આજ હિન્દુસ્થાન તે.

ધર્મિ જમાનો એ હતો, ઝાંખી હવે તો નામની,
રત્નો રહ્યા છે જૂજ દેવા યાદ દૈવી ધામની.
એ ભાવના આજે નથી, ભક્તિ નથી નિષ્કામની,
માળા ફરે છે નામની હમ્મેશ કયા તો દમની!

દભી થયા સાધુ ખરા તો સેકડે બે ચાર છે,
નિર્લજ્જ નરનારી ન સ્વાભિમાનનો વિચાર છે.
નિર્ખો સમય એ સજ્જનો કે'વો સ્વમાની હા ! હતો,
ચિતાર ભૂત પ્રસગનો નયનો સમીપે છે છતો.

* * * * *

આ સ્નેહ લગ્ન પ્રસગમા વિગ્રહ મહા ઉત્પન્ન થયો,
રસમય સુધાનો સ્વાદ વિષ-બિન્દુ પડે પલટઈ ગયો.
ન્હાના અનર્થથી વધી ઉત્પન્ન મહાભારત થયું,
નિર્માણ નિર્મ્યુ દૈવનુ ' પલટાયલુ શુ સાંભળ્યું !

ઉત્સવ અનેરો લગ્નનો પળવાર પર જ્યા થઇ રહ્યો,
સંગ્રામ ભીષણુતા ભર્યો અફસોસ! ત્યા દેખઈ રહ્યો.
દુર્દૈવની દુખમય લીલાનો ખ્યાલ અહીંયા થાય છે,
ક્યારે થશે ? શુ ! શું ! કહી ના કોઇથી કે'વાય છે.

* * * * *

વિવાહના મંગળગીતો નવનારીઓ જ્યાં ગાય છે,
પળવારમાં પોકો પડેલી "હાય" ત્યાં સૂણાય છે
ઉંચી હવેલી જોઈ નિજ જે આજ અતિ હરખાય છે,
કાલે સ્હવારે આગ લાગે રાખ ! રડતો થાય છે.

સદ્‌ભાગ્ય યોગે ભટકતો ભિક્ષૂક ભૂપતિ થાય છે,
રાજેન્દ્ર ઘર ઘર રોટલા માટે કદી અથડાય છે.
સધવા ટળી ક્ષણ માત્રમા વિધવા વનિતા થાય છે,
સૌભાગ્યવતી શૃંગારહીન ગંગાસ્વરૂપ જણાય છે

પળવારમા વન્ધ્યા ગૃહે પણ પારણા બંધાય છે,
સુતવાન, લક્ષ્મીવંતનો સંસાર સૂનો થાય છે,
વૃષ્ટિ પડે ચોધાર ને શુભ કાળ ચિહ્ન જણાય છે,
દુષ્કાળની બૂમો પડી તે વર્ષમા સંભળાય છે.

અકળિત કળા એ ઇશ્વરી, કાળાંતરે ન કળાય છે,
લક્ષ્મી-પતિ લીલા બધી ત્હારી અગમ્ય જણાય છે
હે ! ભાગ્યદેવી ! ભાસ ત્હારા ભેદનો ના થાય છે,
કંગાલથી કૂબેર ત્હારે ચક્ર ઓથા ખાય છે.

સર્વેશ ! સકલના સકળ ત્હારી અનંત જણાય છે,
કેશવ-કૃતિ ! કુદરત ! અધધ ! આશ્ચર્ય દેખી થાય છે.
ધારો કદી જ્યોતિષીથી ભાવિ સકળ વર્તાય છે,
તો પણ લખેલા લેખ છઠ્ઠીના નહિ છેદાય છે.

* * * * *

તત્કાળ રાજન્ ખેતશે સમશેર નિજ કરમા ધરી,
રમણી-સ્મરણ શૂરવીરને રોકે છે રણમાં શુ પૂરી ?
છે ધન્ય માતૃ-કૂખને શોભાવનાર સિસોદીયા,
પ્રાણાંત પૂર્વજ-નામ-પણ ગૌરવભર્યા પાલન કર્યાં.

વીરસિંહ રાયે પ્રેમથી અવલોકીને વાર્યા બહુ,
લાખો પ્રયત્નો આદર્યા, આખર થયા નિષ્ફળ સહુ
ક્રોધે ભરાઈ ખેતલે વરસિંહને વચનો કહ્યા,
"શુ સાભળ્યુ સિંધુ તણા થભ્યા પ્રવાહો જે વહ્યા ?"

"છૂટ્યુ ધનુષ્ય-કમાનથી, જે બાણ પાછુ ના ફરે,
શું કયુ મુખેથી સાભળ્યુ ? પાછુ ગળામા ઉતરે ?
જ્યમ ભીષ્મની ભીષણ પ્રતિજ્ઞા જીવ જાતા ના ફરે,
ત્યમ વીરની સમશેર, કાઢી બ્હાર ના મ્યાને સરે"

"મેવાડના રજપૂત વીરો દેશ-ઘેલા થઈ મરે,
અપમાન ખોટુ અગ, કૃષ્ણ-કલંક ના ભાલે ધરે.
સ્વાતંત્ર્ય, સ્વાભિમાન, ધર્મ, સ્વદેશ સાચવતા મરે,
સંરક્ષવા શિયળ સતીના સ્વય પ્રાણો પાથરે"

' નવટાકનુ આ નાક મણના મસ્તકેથી મોઘુ છે,
નક્કટ્ટ નરોને આ કલંકિત જીવવાનુ સોંઘુ છે.
રણભીરૂ રજપૂત વીરની અપકીર્તિ જગમાં થાય છે,
પાછા હઠે ! (તો) પરલોકગામી પિતૃઓ લજવાય છે."

"જે શૂરને ! નિજ સ્વાત્મથીય સ્વમાન શ્રેષ્ઠ જણાય છે,
આલોક પરલોકે સદા તે સર્વથી વન્દાય છે.
ત્રિલોક જય-ગુણ-ગાન આખુ નિત્ય તે'ના ગાય છે,
મૃત્યુ પછી ને જીવતા તે દેવ સમ પૂજાય છે"

"મેવાડના તે ટેકીલા સિસોદીયાનો વંશ છું,
તે સૂર્યવંશી ભીમસિં"ના રકતનો હુ અંશ છું.
નિજ અસ્ત-ઉદય દિશા કદી સાક્ષાત્ સવિતૃ ફેરવે,
પણ વીરની તરવાર પાછી ના સરે, ને નહિ ફરે.

એ'વુ વદી સમશેર લઇ યાહોમ યુદ્ધ વિષે કર્યું,
સર્વાંગ જાણે રક્તવર્ણા સિંદુરે સીંચી ભર્યું !
એ શૂરની સમશેરથી ક્ષણમા હણાયા કંઈ નરો,
અગણિત રૂધિર ઝરણા વડે જાણે ભરાયો તન-ઝરો !

વીરત્વ નિજ દર્શાવીને અંતિમ સમય સંગ્રામમા,
બહુ સૈનિકો સાથે પડી પ્હોચ્યા પ્રભુના ધામમાં.
રણવીર કન્યાપક્ષના પણ યુધ્ધમા માર્યા ગયા,
આ યુદ્ધમાં પ્રત્યેક પક્ષે વીર ! સ્વર્ગે સંચર્યા.

બહુ જૂજ જન વરપક્ષના અવશેષ જે યુદ્ધે રહ્યા,
તે સર્વને વરસિંહ ભુપે અભય-દા વચનો કહ્યાં.
શરણાગતો સંરક્ષવા એ વીર નરનો ધર્મ છે,
શત્રુ પ્રતિ પણ સ્નેહ એ સજ્જન તણુ સત્કર્મ છે.

જે સ્થાન થોડી વાર પર સ્વર્ગીય દેખાતુ હતુ,
તાન્ડવ ભયંકર શોકનુ ત્યા હાલ અવલોકાતુ'તું.
કો'ને ખબર થાશે અરેરે ! ભંગ આ રસરંગમાં !
ભણકાર કોને સ્વપ્નમાં ! આ શોચનીય પ્રસંગના ?

ક્યા નવ-વધૂ ગૌરી ? અરે ! એ'ના વિષયમાં શુ કહું ?
વિધવા બની બાળા ! પછી કયમ મૌન પણ ધારી રહુ ?
રે ! શબ્દ ક્યા શોધ્યા મળે ? હુ ખદ્ પ્રસંગ્ આ વર્ણવું,
સિંધુ અપાર અગમ્ય કહો કે'વી રીતે હાથે તરૂ ?

રે ! વાત એ વિધવા વધૂની શોકકારક છે હવે,
અમૃતમયી આશા તણા સ્વપ્ના રહ્યા ના આ ભવે.
અણધારી આ નાજુક લતા પર ! હાય ! ક્યા વિજળી પડી ?
દુર્ભાગ્યની દેવી ! ત્હને શુ શોધતા બસ એ જડી ?

ફૂલ્યા અને ફાલ્યાં વિના કોમળ કુસુમ કરમઈ ગયુ,
કંકણ તણા આઘાતથી ગોરસ બધુ ઢોળઈ ગયુ
કિરતાર ! સરજનહાર ! જગદાધાર હે ! આ શું ગમ્યુ ?
ત્હારૂ રચેલુ પૂતળુ પળ એક ના પ્રેમે રંમ્યુ.

સૌભાગ્યના શૃંગાર પૂરા પ્રેમથી પ્હેર્યા નથી,
વ્હાલમ્ તણા બે બોલ-વ્હાલે કર્ણમાં રેડયા નથી.
નિજ સ્વામીના સહવાસનો લ્હાવો હજુ લીધો નથી,
હૃદયેશ ! યા પ્રાણેશ ! મીઠો શબ્દ કઈ કીધો નથી.

નહિ ચરણ-સેવા નાથની કીધી ! નહિ હૈયા હર્યાં,
અંગે ઉતારી લગ્ન-નૌતમ-ચીર બીજા ના ધર્યાં
પતિગૃહ ! શ્વસુર મંદિરમાં ! પગલું પ્રથમ ક્યાં છે ભર્યું ?
ત્યાં તો અરેરે ! ક્રૂર કિસ્મત ! હાય ત્હેં આ શું કર્યું ?

મિંઢળ અને *નાડાછડી ! ભુજકમલથી છૂટયાં નથી,
જઇ સાસરે ! શરમાળતા તજી ! લ્હાવ કંઈ લૂટયા નથી
પીઠી તણી પીળાશ પૂરી અંગથી ના નિકળી,
ત્યાં તો અનેરી ઉર્મિયો પરલોકને પંથે પળી

મનના મનોરથની ઉપર પાણી નિરાશામય ફર્યું,
પુલકિત થતું મુખડું અચાનક આંસુડાં ઝરતું કર્યું ?
થનગન વિલસતું હાસ્ય હૈયાનું બધું પળમાં હર્યું
દુર્દૈવ-વાયુ સ્પર્શથી સ્હેજે સુમન ભૂમિ ખર્યું.

મોહક મૃણાલ સમાન કર કંકણવિહીન પળમાં થશે,
કુમકુમ તણો ચંદ્રક કપાલે બે ઘડી પછી ના હશે.
સ્વપ્નના સમો સંસાર સહસા થઈ ગયો આજે સહી,
ભગવાન્ ! આ'તું દુઃખ તો આપો અરિને પણ નહી.

રણવાસમાં સહુ રાણીઓ પુષ્કળ રડી રહીં શોકથી,
પણ નવ-વધૂ તો મૌન ધારી ભિન્ન એઠી લોકથી.
જડવત્ ને પાષાણ-પ્રતિમા તુલ્ય એ તો લાગતી,
અંતઃકરણ પ્રજળી ગયું ! આંસુ પછી કહો ક્યાં થકી ?

---

* કંકણદોરા

વિધ વિધ પ્રકારે ! રોતી સહીઅર સ્નેહથી સમજાવતી,
"અકળિત કળા છે ભાગ્યની" ઉત્તર વધૂ એ આપતી.
જાગી પછી ! ઝબકી ! તજીને મૌન તવ બોલી ફરી,
ઉચ્ચાર એ ! ભણકાર એ ! ગુંજન રહ્યાછ હજુ સ્ફુરી.

રોકી શકી ના હૃદયને રોકી શકી ના આંસુડાં,
"રણવીર સ્વામીનાથના કયારે કરૂ દર્શન રુડા ?"
અંતિમ સમય અવલોકવા દોડી અધીરી બાળ એ,
કોમળ કુસુમ આ'વા કચરતા કયા દયા છે કાળને ?

રણવાસ છોડી બાળ જ્યા આવી ભર્યા દરબારમાં,
દર્શન થયા ત્યાં વીરના ! ગત–પ્રાણ પ્રાણાધારના.
'વરસિહ સાથે લાલાસ ' સહ્યો બચ્યા, જોઈ રહ્યા,
રડતે હૃદય સેવક, સખી, રાણી સકળ ભેગા થયા

સાક્ષાત્ જગદબા સમા છૂટા મૂકેલા કેશ છે,
બેધ્યાન વસ્ત્રાભૂષણો ને અવ્યવસ્થિત વેશ છે.
નિજ અંકમા મૃત–સ્વામીનું શબ છે લીધુ બે હાથથી,
નિર્ખી રહી લાવણ્ય, વીર પ્રભા, ઝમકતી આંખથી.

રૂંધાયલો એ કંઠ ગદ્‌ગદ્ એકદમ ખૂલી ગયો,
એ સ્નેહમા ! એ શોકમા ! સંયમ સકળ ડૂલી ગયો.
ધીરજ, સહનશિલતા સકળ ક્ષણ વારમાં છૂટી ગઈ,
જે પાળ આંસુ રોકતી, સહસા હવે તૂટી ગઈ.

નયન-દ્વયેથી અસ્ખલિત મૌક્તિક-કણો વેરઇ વહ્યા,
પટકૂળ પ્રેમી યુગલના પલળી ! હૃદય રેલઈ રહ્યા
શુચિ હૃદયના સ્નેહાશ્રુઓ ! પરલોક ગત જે પ્રાણના,
ભિજવે હૃદય જો સ્નેહભીના હોય ! સત્ય પ્રમાણના

વિલાપ હૃદયગમ સ્વરે, કરુણા ભર્યો બાળા કરે,
'હે નાથ ! સ્વામીનાથ ! બોલી નયન-દ્વય નીરે ભરે
પાષાણ-હૃદયો પીગળે, દાનવ દયાવળા બને,
એ'ની અસર નહિ થાય તો, સંશય ! હૃદય શું એમને ?

"મેના મૂકી રડતી નગુણા નાથ-પોપટ કયા થયા ?
કાળે લગાડી લ્હાય જીવન-વન વિષે ના*....વી દયા.
છોળે છળી સાગર ! પછીથી છેતરીને કયા ગયા ?
નિર્દોષ નાજુક માછલી ! અપરાધ એ'ના છે કયા ?"

"આવી તમારે આશરે વટ-વૃક્ષ ! શિળો શોધવા,
ત્યા તો થયા તત્પર તમે શાન્તિનિકેતનમા જવા.
છાયા તજી પોતે પડયા મ્હેમાન કીધો કાળને,
ભૂલ્યા પ્રજળતા પ્રેમ-તાપે પથીની સભાળને."

"હરબાર આ'ને કોણ કૂહે ? આ યુધ્ધનુ મયદાન છે,
કઈકો કપાયા જાન જ્યા કે'વાય રણસગ્રામ તે.
છલકે સહર્ષે છાતી સ્વામી ! શૂરને મ્હોતે મર્યા,
અન્યાય પણ છે એટલો, પગલા પ્રભુ ! જલદી ભર્યાં."

---

* ન આવી.

"હે સ્વર્ગવાસી કંથ ! જોજો રાહ ! સત્વર આવુ છુ,
મમ હૃદય ખોલી કહી દઉ ! અત્યંત તમને ચાહુ છુ.
કાયા ત્યહાં છાયા ! જ્યહાં અર્ધાંગ ત્યાં અર્ધાંગના,
શૃંગાર ને સૌભાગ્ય સ્વામી ! સ્ત્રી તણા સર્વાંગના."

"અશ્રુ ભરેલી આંખડી ! હે પ્રાણપતિ અવલોકજો,
સાનિધ્યમાં તેડાવીને . શાન્તવન વડે એ રોકજો
સૂનો સકળ સંસાર, સૂનુ આપના વિણ અહીં બધુ,
ભરવી રહી ઉર ભાવના સ્વર્ગે સુખી થઈશુ વધુ '

"અવનીશ ! મ્હેં આરાધ્યને ઘુંઘટ વિષે જોયા હતા,
મન–મંદિરે મ્હેં દેવ માની ત્યારથી પ્રોયા હતા.
અંતરપટેથી એમને આછાજ અવલોકયા હતા,
સંભાળથી એ કામ પર બે નેત્રને રોકયા હતા"

તૃપ્તિ નથી થઈ એ વડે, સંતોષ હૈયામાં નથી.
યમરાજ છોડો આત્મને ક્ષણ એક ! જોવા વિનતી.
પિગળાવની પાષાણ હૈયા ગૌરી ચોધારે રડે,
નિજ વસ્ત્ર–દેહનુ ભાન ! ભૂલી જગત ! પતિ–શબ પર પડે

પતિદેવ–મર્ણાઘાતથી પાગલ–દિવાની થઈ લવે,
વિખરાય વસ્ત્રો ! હાર ને શૃંગાર ફેંકી દે હવે.
ઉભી થઈ દોડે ! ઘડીમાં દેખીને છાયા કંઇ !
બે હાથ લંબાવી બકે ! ગાંડા સમી "આવો અહીં."

ઉંચે મુખે આકાશમાં! ક્ષણ! કોઈને સંબોધતી,
મૃત-કાન્ત-શબને વ્હાલથી "પાગલ" ફરી ફરી ભેટતી
"ઓ સર્વભક્ષી કાળ! કર કમભાગી પર! કરુણા જરી,
નિષ્ઠુર શું હરખાય? નિશ્વાસે નિધિ ત્હારે ભરી!"

"તૈયાર છુ સ્વિકારવા! યમદૂત તુજ મ્હેમાનીને,
હે કાળ, ભરતો ફાળ, સત્વર આવ! ભક્ષ દિવાનીને.
(મૃત્યુને) આઘુ ખસે છે કેમ? સુખે આવ! તુજને ચાહુ છુ.
નિષ્પ્રાણ હુ ત્હારૂ શરણ લેવા અતિ લલચાઉ છુ"

"માગેલ ત્હેને ના મળે, આયુષ્ય ઉંધુ લાગવુ,
મરજી થકી જીવન અને મૃત્યુ વિરૂધ્ધે ભાગવુ
હા. હા ..વિધાતા! શુ હસે? શી મશ્કરી દુ ખી તણી?
ઝા'લીમ ચરણ તુજ કંઈ કચડતા મુજ સમી ખીલતી કળી

"આથી વધુ પ્રતિકુળ બની અવશેષ સુખ પણ લૂટી લે!
હોયે સદૈવ ભલે! વધારે વિઘ્નકર્તા તુ જગે.
આલોકમા દે આપદા! અમરાપૂરીમા સુખ છે,
સામર્થ્ય કો'નુ આર્ય-કન્યાનું અહિત કરી શકે?"

આલોકમા સત્તા ભલે? ત્હારી બધી મમ પર ફરે,
પરલોકમા પણ પ્રાણ સ્વચ્છન્દી થઈ આ વિચરે.
પાડી વિખૂટી પ્રિયથી દુર્ભાગ્ય! ત્હે આલોકમા,
શ્રધ્ધા મ્હને! ભેટીશ ભાવે નાથને પરલોકમાં."

ઉપરોકત વચનો સાભળી સહુએ વિચાર્યું અંતરે,
નિજ સ્વામી સહ સ્વર્ગગમનનો બાળ એ નિશ્ચય કરે.
પ્રસરાઇ ચોગમ વાત આ ને ખળભળાટ મચી રહ્યો,
પણ નવ-વધૂનો ટેક મક્કમ ! ચલિત લેશ નહિ થયો.

ચિર-સંગિની બાળા તણી પાસે ઉભી રડતી હતી,
કલ્પાંત કરતી આર્દ્ર સ્વર' નીરે નયન ભરતી હતી.
માતા ઉભી'તી બાજુમાં' ઉષ્ણાશ્રુ આંખેથી ઝરે,
વરસિંહ ગદ્‌ગદ્ કંઠથી દેતા દિલાસો ઉચરે.

"રે ! ભાગ્યરેખા ના મટે હે પુત્રી ! ઉર ધીરજ ધરો,
પાછળ મરી, થઇને સતી, અંધારૂં ઘરમાં ના કરો.
થાનાર સર્વે થઇ ગયું, પલટાય ના પાછળ મરે,
મૂઆ સજીવન થાય શું ? લાખો પ્રયત્નો આદરે !"

'કલ્પાંત કર, કે જીવ હર, પણ જે થયું તે તો થયું,
નિર્માણ નિર્મ્યું બ્રહ્મનું, જાનાર તે ચાલ્યું ગયું.
જે જે સમય જે જે લખ્યું, જે'ના વિષે તે થાય છે,
નિજ કર્મને ને કાળને કોથી ન અટકાવાય છે."

માટે કહું છું "સુજ્ઞ થઈ પુત્રી ! પછાડી ના મરો,
આ અલ્પચેતન દીપ-ગૃહને છેક તિમિરે ના ભરો.
મમ નેત્રની કીકી બની જુદી રહો, અથવા અહીં,
સાથે ભજો ભગવાનને દયો દાન સ્વેચ્છાથી લઈ."

"પાછળ રડયુ, કૂટયુ બધું નિષ્ફળ નકામું જાણવું,
તું પ્રાણુ પાથર પણ્ કુશકયજ પુનર્જીવન પામવુ.
પાછળ મર્યાથી પ્રેમીને પાછુ મળાતું હોય જો,
લાખો નિકળશે સૃષ્ટિમાં મરવા બને જો એમ તો."

"આલીકની મૃત્યુપુરી આ ધર્મશાળા થાય છે,
આજવ-મુસાફર કઈક એ'માં રોજ આવે જાય છે.
સ્થાયિ વસે નહિ કોઇએ, બે દિનના મ્હેમાન છે,
વ્હેલા અગર મોડા બધાં પણ અંત વખ્ત સ્મશાન છે."

"લેવુ અને દેવુ લખ્યુ ! પૂરૂ ચુકાવી ચાલતાં,
વિચાર કર હે બ્હેન ! એ'મા શોક ને સતાપ શા ?
સત્તા નથી અટકાવવા ! સામર્થ્ય ના ! ના પાડવા,
મુશ્કેલ થાવુ ભીષ્મ....યમના દૂત પાછા કાઢવા."

"શિદ મોહ આ કાયા ઉપર ! એ માટીની પેદાશ છે,
આક્રંદ શાને આટલું ? આત્મા અજર અવિનાશ છે.
છોડયુ કલેવર જીર્ણ આ, લીધું હશે બીજુ નવું,
જૂના, મલિન વસ્ત્રો તાણુ નિઃશક જ્યમ બદલાઇ જવું."

"માટે હૃદયમંદિર પતિ-મૂર્તિ અખંડિત સ્થાપજો,
પૂજન કરી આરાધ્યને બારે ઘડી આરાધજો.
પરમેશ ! પાસે હાથ જોડી એ હમેશા માગજો,
જન્મો જનમ જગદીશ ! મુજને એ પતિશ્રી આપજો "

"સાચા હૃદયની સેવથી શ્રીકૃષ્ણ કષ્ટો કાપશે,
આ જન્મની અવશેષ ઇચ્છા પુન * પૂરી પાડશે.
સદ્‌ભાગ્ય જો સપાદવા ! પરજન્મમાં ઇચ્છા ધરો,
તો બ્હેન ! આ જન્મે જીવી, સત્કર્મનો સંચય કરો "

તાતે અતિ સ્હમજાવીયુ પણ પૂર્વવત્ નિશ્ચલ રહી,
વ્હાલમ્-વિરહની વેદના કે'વાય કો'નાથી કહી ?
પ્રત્યુત્તરે ગૌરી વિનયપૂર્વક પિતાને કહી રહી,
જે ઇન્દુમાંથી શુભ્ર અમૃત-ધાર જાણે શું વહી !

"હે તાત ! તમ વાત્સલ્યનુ મ્હોટુ મ્હને અભિમાન છે,
મમ પિતૃભક્તિ કેટલી ? જ્ઞાતા પિતા ભગવાન છે.
જગમા મ્હને જીવન તણી રૂચી જરીએ ના હવે,
શિરછત્ર ! આજ્ઞા દયો ખુશીથી ધર્મપાલનની મ્હને."

"વ્હાલમ્ જુએ છે વાટ ! બાપૂ શીઘ્ર મરવા દયો મ્હને,
પ્રાચિન પ્રણાલી પૂર્વજોની પાળવી મુજને ગમે.
સ્વામી પછાડી સહગમન સદ્‌ભાગ્ય મુજને સાપડે,
પુત્રી સતી થાયે પિતા ! ગૌરવ ભર્યું છે આપને."

"બાપૂ ! પુરાતન કાળની, આજે પ્રથા જળવાય છે,
સિસોદીઆનો વંશ આથી વધુ ઉજવળ થાય છે.
તનમાં અને મનમાં પિતા ! પધરાવવી પ્રતિમા રહી,
એથી રૂડુ તો એજ કે આલિંગવું સ્વર્ગે જઈ."

---

* પુનર્જન્મે.

શબ્દો સુણી આ'વા જનક જનની નયન નીરે ભરે,
બેહાલ જોઈ પુત્રીના વરસિંહ ઉચ્ચારે ! 'અરે !'
વૈધવ્ય પુત્રીનુ જનેતા લેશ ના જોઈ શકી,
ને લાલસિંહ પિતા તણી હાલત કફોડી થઇ નકી

માતા-પિતા, વરસિંહની .. રડતી ઉભી છે ત્રિપુટી,
સેવક, સખી, સખ્યો, તણી આંખો હજુ ભીની હતી.
છાના બધાને રાખવા એ રાજકુવરી ઉચરી,
જે મુખ રુપી માન-સથી વચનામૃત રુપી ગ'ગા સરી !

" ઓ માત ! કાકા ! તાત ! વિનવુ' ધૈર્ય સહુ ધારણ કરો,
મમ ધૃષ્ટતા પર આ સમય ના ધ્યાન આપ જરા ધરો
લાચારીથી કેવા પડે છે શબ્દ આ'વા આપને,
ધારી શકે ના ધૈર્ય સયમ-શ્રેષ્ઠ પણ આ'વા સમે "

" આ પ્રાણ પરહરતા મ્હને શા માટ રોકો છો તમે ?
પ્રાણેશ વિણ આ પ્રાણને સુખ શા રહ્યા જીવને હવે ?
દુષ્કર વિરહની વેદનામા ઝૂરવુ જીવતા રહી,
એથી ભલુ શુ આ વિનશ્વર દેહને તજવો નહિ ? "

" બળવુ નિરંતર નિર્ખીને સંસાર-સુખ-દુ ખને ભલા !
એથી મધુરૂ શુ નથી સ્નેહે સિધાવુ સ્વર્ગમાં !
વૈધવ્ય-વેરી વદન દર્પણમા હવે જોવુ' નથી !
દુર્ભાગ્ય પર ! જીવી હમેશા ' હાય ' કહી રોવુ નથી."

"વ્હાલા જનક ! મ્હારે હવે કો'નુ ભજન કરવું અહીં ?
સંસાર-મંદિરમા રહ્યા પતિદેવના દર્શન નહિ.
છે સેવનીય સદૈવ સ્વામી સ્ત્રી તણા સંસારમાં,
પ્રાણેશ તે પરમાત્મન્ પ્રમદા તણા સંસારમાં."

"સ્વામી સતીનુ શ્રેય ! ને સ્વામી સતીનો પ્રાણ છે,
પતિદેવ—પાદારવિન્દ—સેવે રહેલુ નિર્વાણ છે.
છાયા શિતળ શિરછત્રની કલ્યાણકારી શ્રીશ એ,
ધારી શકુ ન અસહ્ય જીવનભાર જે આ શિષ છે"

"પતિ-પાદ-પ્રક્ષાલન કરી પીતી પ્રથમની પતિવ્રતા,
એ ચરણ-અમૃત-પાનમા પણ મંદભાગી તમ સુતા
પતિ-પાદ-પૂજન જે પિતા ! પ્રાણાંત પ્રમદા ધ્યેય છે,
પામી નથી પળ એક હું એ સૂચવેજ અશ્રેય છે"

"રે ! આ ચરાચર વિશ્વ-જ્યોતિ તિમિર સમ ભાસી રહી.
સોંપેલ વસ્તુ આપની સર્વસ્વ તે ખોવઇ ગઇ
રે'વુ પછી શું એકલા ? બોલો ! પિતા ! અંધકારમા ?
યા પુન પ્રાપ્ત કરી પતિ વસવુ જ સ્વાર્ગાગારમા ?"

"પ્યારા પિતા ! પ્રજળે હૃદય મ્હારૂ પ્રખર પરિતાપથી,
હતભાગિની હુ છુ મહા કંઇ પૂર્વ કેરા પાપથી.
આંચલ્ય મ્હારી ચક્ષુનુ અદૃશ્ય આજે હા ! થયું,
આ કષ્ટકારક જીવવુ ભૂ-ભાર સમ ભાસી રહ્યું"

"કો એક દિન દેહધારીનુ મૃત્યુ અવશ્યમ્ સિધ્ધ છે,
ઉત્પત્તિ ને લયનો નિકટ સબધ લોક પ્રસિદ્ધ છે.
કિન્તુ સુ-અવસર સહજમાં આ'વો ફરી ફરી ના મળે,
માટે પિતા! આજ્ઞા મ્હને, આપો હવે ને આ પળે"

"આ કાચની કાયા ઉપર શા સ્નેહ મોહ હવે ધરૂ,
પળમા પડે! પછડઈ ફુટે વિશ્વાસ એ'નો શુ કરૂ?
રાખું ભરોસો જો કદી, તોપણ પ્રણુય-રસ કયા ભરૂ?
પતિ-પ્રેમ-રસ જો ના ભરૂ જીવી પછી કહો શુ કરૂ?"

"નાવિક વિનાના નાવની કિમત જગતમાં ધુળ છે,
સ્વામી વિનાની સુન્દરી સહુના નયનની શૂળ છે.
વૈધવ્ય વ્હાલાંઓ સહે વૈરી થવાનુ મૂળ છે,
હિતૈષીઓના હેત ઉપલકીઆ, ન સાચા, સ્થુળ છે."

"સ્વામીથી સાસરવાસમાં બે આંખની પણ શર્મ રહે!
પણ સ્વર્ગવાસી સ્વામીની સ્રી શ્વાન પેરે હડૂહડે,
કોમળ ખિલે છે પુષ્પ પચરગી સુવાસિત બાગમાં,
પણ દેવ-કંઠ વિરાજવા સદ્‌ભાગ્ય સહુનુ હોય ના."

"ત્રણુ કેશ, કુમ્‌કુમ્, કકણો સૌભાગ્યના શણગાર છે,
સધવા તણા સચય કરેલા લક્ષ્મીના ભડાર છે.
પતિ એજ પ્રાણાધાર, સ્વામી એજ સરજનહાર છે,
સન્નારના સર્વસ્વને સર્વાંગના શૃંગાર એ."

"પ્રાણેશ ! હૃદયાધીશ ! સત્તાધીશ મ્હારો એજ છે,
સંસારમાં જો સ્વર્ગ હો ! સન્નારને તો એક એ.
રે ! પંખી જેવી જાત પણ ઝૂરી મરે પ્રિય શોકમાં,
રજપુત–સુતા થઈને જીવું તો ધિક્ક કયમ ના લોકમાં ?"

"પડતર મૂકી આ ક્ષેત્ર ! કર્માધીન કૃષિકર એ ગયો,
રે ! રોપ વાવી માળી એ જળ સિંચનાર્થે ના રહ્યો.
જળના અભાવે છોડના ફૂલ–પર્ણ સહુ કરમાઈ ગયાં,
જીવનપતિ વિણુ હાલ ! મ્હારા શુષ્ક ને નિર્જીવ થયાં"

"દિનકર–કિરણ વિણુ કમલ ફૂલો કયાંથી પ્રફુલ્લ પિતા ! રહે?
શશિ–કિરણ વિણુ કુમુદો નહિ કરમાય ! એ શું સંભવે ?
એ મેઘ–વૃષ્ટિ–જળ વિના શુ અન્યથા ચાતક રહે ?
નિજ પ્રેમીને પોકારતા, તે ઝૂરતા તરસ્યા રહે."

"નિસ્વાર્થ પ્રેમી પતંગ ને મધુકર મરે નિર્ભય બની,
તો સ્વાર્થિ શુ સંભવ જીવું ? (હું) જે સ્નેહ–ભૂખી એમની.
પતિ–ચરણુ–રજ મસ્તક ધરી ભવ–સિંધુ તરવા ઈચ્છતી,
શુભ સ્વાર્થિની સંસારમાં એ'વી રહે શું જીવતી ?"

"આલોક ને પરલોક બેઉ પ્રેમના સ્તંભે ટકયાં,
એ પ્રેમ–સ્તંભ પડી જતાં ચૈતન્યહીન રહી શકયાં ?
આ વિશ્વના અણુમાત્રમાં સીંચી ભરેલો પ્રેમ છે,
વ્યાપી રહ્યા જાણે ન બીજો સર્વ વ્યાપી જેમ એ !"

"એ પ્રેમહીન મનુષ્યનું જીવન જગતમા ઝે'ર છે,
સત્‌પ્રેમના અસ્તિત્વ સાથે પ્રાણુની શુભ મ્હેર છે.
અર્થાત્‌ સમજો એજ કે –"જ્યાં પ્રેમ છે ત્યા પ્રાણ છે,
સત્પ્રેમથી સંસારમાં કલ્યાણ ને નિર્વાણ છે"

"એ પ્રેમની પીડા મહાભારત પિતા ! કે'વાય છે,
એ'ના વિરહમા ઝૂરતાના પ્રાણ તત્ક્ષણ જાય છે
હે તાત ! જીવન-સ્તંભ મ્હારો પ્રેમ ! તે તૂટી ગયો,
જેથી કરી આ પ્રાણ પરલોકે જવા તલસી રહ્યો

"વ્હેલુ જરી, મોડું જરી, જન્મ્યુ જગે તે સહુ જશે,
ઉત્પન્ન થયુ અત્રનિ ઉપર ત્હેનો પ્રલય નક્કી થશે.
આજે કદી, એકાદ માસે, વર્ષ પર ડાચા પડે,
ખોટા ખલકના ખેલ છે સંબંધીઓ ક્ષણ ભર રડે."

'મૃત્યુપુરીની ધર્મશાળા રામ-રાજાએ કરી,
પ્રાણ', પશુ, પક્ષી રૂપી વસ્તી ઉતારૂની ભરી
ઉતરી, રહે બે દિન ગત કર્માનુસારે ચાલતાં,
નિત્યે, નવીન ઉતારૂઓ આ ધર્મશાળે આવતાં.'

"એ'નુ ઘડી એનુ જીવન નીરસ કહો શા કામનુ ?
કાન્તા તણુ જીવન જગતમા કાન્ત વિણ છે નામનુ.
શૃંગાર હાસ્યવિલાસ આ જવાળા સમા લાગે મ્હને,
માણુ છ મરવા દયો મ્હને, જીવતર જરીએ ના ગમે."

"સંસારી–સુખડા જોઇને શા માટ જીવને બાળવો,
સૌભાગ્યશ્રી' વિણુ સાધુડી થઇ કાળ કહો કયમ ગાળવો ?
હોયે સુધામય સ્વાદ પણુ ! જીવી હવે જોવુ નથી,
સંભારી (નામ) વારવાર વિરહે સર્વદા રોવુ નથી"

આ'વા અનેક પ્રકારના વચનો વધૂએ બહુ કહ્યા,
સ્નેહાદ્ર હૈયે સર્વ જે ધરી મૌનવ્રત સૂણી રહ્યા
અંતે અવશ્ય લખાયલુ નિર્માણુ કર્મે જે થયું,
ગૌરી સતી થઇ આજ એ'નુ નામ યશાવત્ રહી ગયુ.

* * * * *

રે ! કાલ જે'ના લગ્ન અર્થે ધામધૂમ થતી હતી,
અફસોસ ! એ'ને કાજ આજ ચિતા રચાઈ જતી હતી.
જ્યાં ધૂમ્ર ગોટા ૐ ની અગ્નિ તણા ઉડતા હતા,
ચંદન–ચિતાના [illegible] ગોટા આજ (ત્યાં) દ્રષ્ટે આવતા.

આનન્દ વનાનો [illegible] ત્યાં શોક દેખાઈ રહ્યો,
હર્ષાશ્રુની હેલી ટળી પોકાર રૂદનનો થયો.
સ્વજનો તણા મંગળ ગીતો જ્યાં કર્ણ અથડાતા હતા,
પરિજન તણા પોકાર ત્યાં આજે સમાતા ના હતા.

ચોરી ટળી ચિતા બની, ને જાન હાય ! સ્મશાન થઈ,
હો....હા ..બધી અટકી પડી નિસ્તબ્ધતા છાઈ રહી.
ઉપરોકત સહુ ઘટના ખરેખર સ્વપ્ન તુલ્ય થઇ ગઇ,
એ સત્ય છે દુર્દૈવને કરૂણા, કદી આવે નહિ.

કાલે અહો, તો હસ્ત જે નાથે અતિ ઉમગથી,
ને આજ પણ પિત ભાસતો પિઠીના હરિદ્રા રંગથી.
તે તેજ હસ્ત વડે સ્વપતિ–શિષ ગોરી રાખી ગોદમાં,
ચ દન–ચિતાની જ્વાળમા હા ! ભસ્મ થઈ આમોદમાં.

વહ્નિ થકી પણ વિરહનો પડતો વિશેષ પ્રભાવ છે,
એ કથનના સત્યાશમા સાક્ષાત્ આ દેખાવ છે,
જો વાત આ વિખ્યાત ના કે'વાય અનુભવથી કહી,
તો અચલ રહીને અનલમાં એ શી રીતે બળતી રહી ?

"સુખ દુ ખ તણી એ વાત જે'ની સાથ કઈ અનુરાગથી,
જ્યાં થઈ નથી, ત્યાં તો જીવિત સળગી ગઇ એ આગથી.
જે આર્યકન્યા મન વડે માને પતિશ્રી જેહને,
તે'ના વિના તે જગતમા પૂજે બીજાને ! શુ બને !"

શત ધન્ય છે ! હે આર્યકન્યા ! ધન્ય ત્હારો ધર્મ છે,
તું દિવ્ય–દેવી સ્વર્ગની સ્વર્ગીય ત્હારૂ કર્મ છે.
કૂળ–ધર્મ પર પ્રાણાર્પણ તુજ માટ એ શુ વાત છે ?
ભારત તણી કીર્તિ તુથી ઝળહળ જગત્ વિખ્યાત છે.

* * * * *

પ્રિય પાઠકો ! નીરખિ તમે કે'વી કુટિલતા કાળની ?
અવલોકજો શું શુ બતાવે જવનિકા જગ જાળની.
હમ્મેશ જીવન માર્ગમા સર્વત્ર કટક પાથર્યાં,
પ્રત્યેક પગલે વિપદ ને વિઘ્નો વિપુલતાથી વાર્યાં.

"આલોકમાં સાચો સુખી શોધ્યો મળે ના કોઈએ,
રાજા ભલે હો દેશનો પણ અંગરક્ષક જોઈએ.
તન, મન અને ધન ત્રણ તણી ચિન્તા બધે વ્યાપી રહી,
આધી, ઉપાધી, વ્યાધી, વિશ્વે સર્વ પથરાઈ રહી."

"શ્રીમાનને શ્રી રક્ષવા, કંગાલને સંપાદવા,
ચિન્તા ભરી ચિન્તા બધે ચિન્તા વિનાના કોઈ નાં.
ભોગી દુઃખી, યોગી દુઃખી, રોગી, નિરોગી કાયમાં,
પ્રત્યેક પગલે પુનરપિ ચિન્તા થકી છૂટાય ના.

* * * * *

સંપૂર્ણ આહૂતિ અરે! આ લગ્ન–યજ્ઞ તણી હતી,
કેવળ રહ્યુ છે ધ્યાન, બસ પ્રત્યક્ષતા કિંચિત્ નથી.
સંસારને અવલોકતા આવે કદી કદી મન વિષે,
"હે ઈશ્વરા! એ'ને તજી હમણા જવું કયા ના હિસે"

નાખુ નજર હું જ્યાં નયનમા અશ્રુ આવે છે ત્યહાં,
અમ ભાગ્યમાં સુખ શાન્તિ શુ કિંચિત સર્જ્યાં છેજ નાં!
રે ' આ સમય આક્રંદ પણ પ્યારૂ અમોને લાગતું,
નિર્મળ બનાવે નેત્ર–જળ–ધારા પ્રભો ' તે આપ તું!

* * * *

સંપૂર્ણ ઘટના એક રીતે અહીં પૂરી થાય છે,
નાહક તણા વિસ્તારથી ના લાભ સંપાદાય છે.
કિન્તુ ઘટી ઘટના ઈતર આ વાતના સંબંધમાં,
જેને કથ્યા વિણુ પૂર્ણતા આવે ન ઠીક નિબંધમાં.

અસ્તુ,—હવે ચિતોડમાં આ વાત જ્યાં પ્રસરઈ ગઇ,
કે શોકની છાયા ભયકર તુર્ત ત્યા પ્રસ્ટી રહી
જ્યા નવ—વધૂના આગમનની વિવિધ ચર્ચાઓ થતી.
ત્યા ઘોર હાહાકાર ! ને ક્રન્દન મચ્યુ ઘરઘર અતિ.

અત્યાર્તનાદ બહૂ દિનો પર્યંત નગ્રે થઈ રહ્યો,
પ્રત્યેક વીગ્લો વૈર—આકાક્ષી થઇ તલસી રહ્યો
પણ ' ઇશ્વરેચ્છા બલીયસી" ટાળી ટળી શકતી નથી,
વીતી ગએલી વાત કોથી વશ કદી થાતી નથી

ખેતલ તણુા મૃત્યુ પછી લાખા ચિતોડેશ્વર થયા,
અભિષેક થાતા પણ લીધુ છે ધન્ય વીર સિસોદીયા !.
"જો અન્ન જળને સ્પર્શું બુન્દી દુર્ગને તોડયા વિના,
તો ધિક્ક્ જનની-કૂખને ! સિસોદીયાનો વશ ના.'

વદતા વદાયુ સ્હેજમા એ ક્રોધ—આવેશે કરી,
પણ પાળવી પૂરી પ્રતિજ્ઞા વાત મુશ્કેલી ભરી
સર્વે શુભેચ્છક મત્રીઓ અત્યત ચિન્તાતુર થયા,
ભયભીત સ્થિર સ્વસ્થાન પર શા ચિત્રવત્ એ થઈ ગયાં !

શોધી સરળ ઉપાય સર્વેએ વિવેક વિચારથી,
કરજોડીને વિનતિ કરી નૃપને અનેક પ્રકારથી.
" સેવક સ્વય સ્વામી તણુ શુ અમગળ નીર્ખી શકે ?
નિજ કાર્યસિદ્ધિ થાય યા ના થાય યત્ન ભખા કરે."

× × × ×

સેવક તણી સાચી કસોટી કષ્ટમાંહી થાય છે,
એ વખ્ત પોતિકા, પરાયા, કોણ ? તે પરખાય છે.
સંકટ પડે સત્ સ્નેહીની ! પૂરી પરીક્ષા થાય છે,
સન્નારી સીતા કેટલી ? વનવાસમાં નિર્ખાય તે.

આપત્તિકાળ કુટુંબીઓ કેંવાક વ્હારે ધાય છે ?
સર્વે સગાના સ્નેહ પણ સંકટ વિષે જોવાય છે.
શત્રુ ! ભલે શયતાન ! પડતીમાં સગો જે થાય છે,
સંસારમાં બસ એજ સાચો મિત્ર એક ગણાય છે.

સાચા સલા'હકાર અને નિમકહલાલ ગણાય જે,
નિજ સ્વામી માટે જાન પણ કુરબાન કરતા હાસ તે.
સ્વામી તણી સેવા ' વફાદારી સુ-સેવક-ધર્મ છે.
શુભ-શ્રેય એનું ઇચ્છવું દિનરાત ! કિંકર-કર્મ એ.

* * * *

પરિચારકો પ્રભુ ! આપના આ જ્યાં સુધી હૈયાત છે,
શું ત્યાં સુધી રાજેન્દ્ર ! તમને સ્હેજ પણ ઉચાટ છે ?
લીધું વીરોચિત પણ પ્રભુ ' એ ધન્ય સ્વાભિમાનને !
તમ તુચ્છ એક વચન ઉપર અમ પ્રાણ આ કુરબાન છે.

છે વીરવર્યોચિત આ'વી પ્રતિજ્ઞા શ્રીમાનને.
લેવી ઘટે શ્રી સૂર્યવંશી રામના સંતાનને.
નિજ વૈરની વસુલાત વિણ વીર-કેશરી રે'તો નથી,
કાળાંતરે અપમાન સ્વાભિમાની શુર સ્હેતો નથી.

તમથી અધિક ઇચ્છા હમારી દુર્ગ બુન્દી તોડવા,
પણ શક્ય છે શુ ? તેમ કરવા અન્ન જળને છોડવા ?
રે ! અન્નજળ ત્યાગે કદી કોઇ જીવી શકતો નથી,
પચત્વ પામે પિંડ પૂરો ટેક થઈ શકતો નથી.

કુદરત કરે છે પ્રેરણા જે કાર્યના વ્યાપારમાં,
રક્ષણ થઇ શકતુ નથી એ'ના વિના સસારમા.
આદેશ અમને દયો, તમે કાર્યો કરો હમ્મેશના,
જો શ્રમ કરે સ્વામી સ્વયં સેવક પછી શા કામના ?

નિજ કાર્યસિદ્ધિ કયા થકી સભવ ન સાધન જ્યા રહ્યું,
કર્તવ્ય કેવળ રાજવીનુ "હુકમ દેવો" એ કહ્યુ.
આજ્ઞા પડી મુખ-વ્હાર કે માનો પછી પૂરૂ થયુ,
મ્હોટા વદયા જે મુખથકી નક્કી પછી તે થઇ ગયુ.

શસ્ત્રાસ્ત્રથી સપૂર્ણ સજ્જ થઇ જવાનુ દૂર છે,
સમશેર-બ્હાદુરો થકી બુન્દીભૂમિ (પણ) ભરપૂર છે.
અતિ શ્રમ કરે જય પ્રાપ્ત કરવાનો સુ-અવસર આવશે,
મ્હારાજ ! બોલો ત્યા સુધી ભોજન વિના શું ફાવશે ?

શુ મુદત કઈ લાગે નહિ, આ અનિશ્ચિત જય-કામમાં ?
કો'ને ખબર શુ કાળ થાશે નષ્ટ આ સગ્રામમા ?
શું તોડવા દેશે અમોને દુર્ગ શત્રુ વિણ લડે,
નિજ નિકદન નીરખિ રહે ના કોઇ ! સામા સૌ વઢે.

માટે રચી કૃત્રિમ કિલ્લો બુન્દીનો તોડો અહીં,
પણ પાળીએ લીધું પરન્તુ ત્યાગીએ ભોજન નહિં.
આ દેહ-રક્ષા ઇષ્ટસિદ્ધિ અર્થ પુષ્કળ કામની,
કાયા વિનાની કાર્યસિદ્ધિ થાય ક્યાંથી? નામની.

આ નષ્ટ કરવા દુર્ગ જે લીધી પ્રતિજ્ઞા આકરી,
જીવન વિના ત્હેની ક્રિયા-સંભાવના ક્યાંથી ફરી?
જ્યાં અન્નજળને ત્યાગવાની આપણી સૂણી કથા,
ઉપવાસ કરવા ચૂકશે શું? અન્ય જન આ સર્વથા?

થાશે મહાન અનિષ્ટ નિશ્ચય નૃપતિ! આથી માનજો,
આપે ત્યજ્યું ત્યાં સર્વએ નક્કી ત્યજેલું જાણજો.
એવી રીતે સમજાવતા શાણા સચીવો ભૂપને,
નિશ્ચય થયો ત્યાં તોડવા તે દુર્ગના પ્રતિરૂપને.

* * * * *

અસ્તુ નમુનો દુર્ગનો કૃત્રિમ બનાવાયો ગયો,
જે સાંભળી ચિતોડમાં વિપ્લવ નવીન શરૂ થયો.
શુરવીર હાડા કુમ્ભ જે મૃગયા રમી અહીંથી જતો,
બુન્દી નિવાસી હોઈ લાખાશાજનો સેવક થતો.

કુશળ કૃતિ અવલોકતા (આ) સાથી સહે વિસ્મિત થયો,
પ્રત્યક્ષ બુન્દી જોઈ ક્ષણ પર્યંત વિભ્રમમાં પડ્યો.
પૂછ્યું બધાને જાણવા કારણ? કુતૂહલ-વશ થઈ,
પણ સાંભળી અદ્દભુત કથન ના પૂર્વવત્ મુદ્રા રહી.

સંપૂર્ણ જિજ્ઞાસા ગઈ !' ગંભીર મુખ-મુદ્રા થઈ,
શી વક્ર ભ્રકુટી !' વીર જ્યોતિ ભાલ પર ઝળકી રહી.
સ્વાભિમાન માતૃ-ભૂમિનુ આ કુમ્ભ ના સાંખી શકયો,
ક્ષત્રિય ધર્મોચિત વીરત્વે વિમોહીત થઇ ગયો.

યદપિ હતી કૃત્રિમ તથાપિ જન્મભૂમિ એ હતી,
સ્વપ્નેય સ્વાભિમાનીથી નિજ જનની શુ વિસરઇ જતી ?
પડતા મૂકયા જોડા મૂકયો પડતો મરેલો મૃગ તહીં,
નિજ દેહ-શુદ્ધિ દેશ-ધેલાંને જગએ ના રહી

સેવા, સ્તુતિ, પૂજા, પ્રણામો દુર્ગના બહુ ભાવથી,
કીધા ! ચ્હડાવી મસ્તકે જનની-ધૂલિ ઉત્સાહથી
રે ! શીઘ્ર રક્ત પ્રવાહનો સચાર કાયામા થયો,
વિદ્યુત્ સમો હૃદયે વીરત્વાકૂર ક્ષણમા ઉદ્દભવ્યો

નિજ માતૃભૂમિ-સ્નેહ-જળ નિશ્ચલ હૃદય ધોઇ રહ્યુ,
સપૂર્ણ સ્વાભિમાની અંતર મૃત્યુ ભય ખોઇ રહ્યુ.
જો કે સકળ કાયા પ્રજળતી'તી અતિ આવેશથી,
નહિ મૌન તોય ધરી શકયો ભૂમિ-ભક્તિના ઉન્મેષથી.'

આ વાર જે ઉદ્દગાર સહસા મ્હાર મ્હોમાંથી પડયા,
તે અર્થપૂરણ રત્ન જાણે શુભ્ર સોનામા જડયાં ?
"પુષ્ટિ મળી જેના અલૌકિક અન્ન, નીર સમીરથી,
જેથી થયો શક્તિ સમર્થ રહી નિરોગી શરીરથી."



ભીની લિલોતરીમા ઝૂકી જરી નમીને,
શ્રીકૃષ્ણ ચરણ કમળે કરકમળ ટેકવીને

[જુઓ પૃષ્ઠ ૭૨ મુ]

અનાવિલ પ્રેસ સુરત



કોમલ ચર્ણ-ઘુટણપર ગધા ! નિજ ગાગ ઝુકાવે
ઢિ કરકમળ ધરી વક્ષ-સ્થલ હૃદયાંજલિ ધરાવે

'જુઓ પૃષ્ઠ ૮૦ મું

અનાવિલ પ્રેસ, સુરત

તે પ્રતિ-કૃતિ રુપ છે પરન્તુ માત મ્હારી સમક્ષ જ્યાં"
ત્યારે ન લેવો યોગ્ય છે, મારે' શું એના પક્ષને ?"
"જનની ! હવે તુજ ઋણથી ઋણ-મૂક્ત થાવું છે મ્હને,
છે કોણ મ્હારા જીવતાં નિર્ખી શકે માતા ત્હને ?"

"દિલ ચાહ્ય ત્યા હુ જઈ રહુ, ત્હારો તથાપિ સર્વદા,
શા માટ ના રાખુ પછી મા ! ધ્યાન ત્હારૂં હુ સદા ?
નિર્ભય ઉભો ! નિકટ ભલે ! હો કાળનું જો આવવું !
પણ જાન કરતાં માન પર મરવુ મ્હને લાગે ભલુ."

"સહુ કોઇને મરવુ રહ્યુ છે એક દિન અવશ્ય જ્યાં,
અવસર મ્હને આ'વો મળે પાછો ફરી ત્યારેજ ક્યા ?"
ઘૂંટણ પડયો ત્હેના પ્રતિ અતિ મુગ્ધ પ્રેમે લીન એ,
ગણ્યો દેવ-મન્દિર તુલ્ય રક્ષા દુર્ગ નકલીની કરે !

અવલોકતાં એ વાર પ્રતિભા કુમ્ભની શી ભાસતી !
પ્રત્યક્ષ ગૌરવથી અલંકૃત પૃથિવી શોભા આપતી !
પોતે હણેલા હરણને પાસે મૂકી ઉભો હતો,
જે ધનુષ-ધારી ધીર જાણે દુર્ગ-દ્વારે શોભતો !

મૃગયા રમી પાછો ફરેલો માન મદમાં મોહતો,
નિર્ભય મૃગાધિપ ગિરિ-ગુહા-દ્વારે શું જાણે સોહતો ?
દેશાભિમાની કુમ્ભ ત્યા નિશ્ચલ મને બેસી રહ્યો,
નિજ માતનો અપમાન બદલો વાળવા તત્પર થયો.

ત્યાં તો પ્રતિજ્ઞા પાળવા હથીઆર લઈ નિજ હાથમાં,
ચિતોડરાય પધારીયાં નિજ સૈન્ય લઇ સગાથમાં.
જોતાં! ધનુષ્યે શર ચઢાવી કુમ્ભ સાવધ થઇ ગયો,
નિજ સહચરો સગાથ પૂરો સજ્જ થઈ ઉભો રહ્યો.

મુખ–ચન્દ્ર કાન્તિ વીરની આ વખ્ત સુન્દર શોભતી,
ને સભ્યતા સગાથ દ્રઢતા મમતપૂર્ણ ભરી હતી.
વિધ્વંસ અર્થે દુર્ગ પાસે જ્યાં ચિતોડપતિ ગયા,
ભાવો વિવિધ ત્યા કુમ્ભમાં અત્યુગ્રતા ધારી રહ્યા.

પ્રસ્વેદના બિન્દુ કપાળે ક્રોધથી ઝાંમી રહ્યા,
જે લૂછતા શૂરવીર કુમ્ભે શબ્દ શું નૃપને કહ્યા?
"રહો સાવધાન! અહીં ન આવો, થોભજો બસ એટલે!
જો જો મ્હને શર છોડવા નહિ તો પછી કારણ મળે."

"સેવક તમારો હોઇને હું ચેતવુ છુ આપને,
નિઃશંક નહિ તો કયારનુ શોણિત વહ્યું અવલોકતે!
"સેવક તમારો હુ પ્રભુ! ચેતાવવા એ ફર્જ છે,
ત્યમ ભૂમિ–ભક્તિ રાખવી, એ પણ વતનનુ કર્જ છે."

"માલીક છો આ દેહના કારણ તમે પોષ્યો મ્હને,
પણ જન્મદાયી જનની તો આ પ્રાણની દાતા બને.
"કાયા ગણાયે નામની પણ પ્રાણ મોઘી ચીજ છે,
તે વતન પર ઓવારવા આ મુખની તજવીજ છે."

"હા ! સ્વામિ-ભક્તિ દાસની સાચી જગે વખણાય છે,
પણ જન્મ-ભૂમિ-ભક્તિ એથી સર્વ શ્રેષ્ઠ ગણાય છે.
વેચ્યો તમોને પિંડ પણ ! સ્વાતંત્ર્ય સાથ સ્વમાન છે,
આ ધર્મના સંબંધમાં સહુ રાય રંક સમાન છે."

"ક્હો ! ભૂપ સગ્ગો ભાઇ અવગણના કરે જો આપની !
જ્વાળા ઉઠે ના અંતરે શું ક્રોધથી સંતાપની ?
અમરાવતીથી અધિક જનની, જન્મભૂમિ ગણાય છે,
મહિમામયી એ માતૃભૂમિ વિશ્વથી વન્દાય છે"

"એ'નો અનાદર હું પછી ઉભો રહી જોયા કરૂં ?
નામર્દ છું ? કે મૃત્યુ-ભયથી મન વિષે મુઝઇ ! ડરૂં ?
"શું તોડવા દઉં દુર્ગ આ ! કૃત્રિમ એવું માનીને ?
શું ભક્ત ભૂધર મૂર્તિને ભજતા અચેતન જાણીને ?"

"રે ! મન્દબુદ્ધિ-માનવી છો ! જડ કહે અજ્ઞાનથી,
ધીમાન અવલોકે સદા ભગવાન એ'માં ધ્યાનથી.
ચિતોડ નહિ માનો હવે તો બુન્દી આ'ને માનજો,
મમ માતૃભૂમિ પૂજ્ય પરમપવિત્ર આ'ને જાણજો"

મ્હારા છતાં એ'નો પછી ક્હોનાશ કોણ કરી શકે ?
નિજ માત-મૃત્યુ કોણ એ'વો સંગદીલ સહી શકે ?
બંધન દશામાં માત મૂકી સપુત શું સુખમાં સુએ ?
પરતંત્રતાની શૃંખલાથી બધ્ધ અવલોકી રહે ?"

"પોષ્યા અમીધારા દઈ ઉપકાર શુ વિસરી શકે?
પાયા પ્રીતિના ઘુટડા વાત્સલ્ય તે નિસરી શકે?
મ્હોટો જગે જો હોય તો તે એક માતૃ-પ્રેમ છે,
સાચુ જીવનનુ સુખ સ્વદેશે સવદાનો પ્રેમ છે'

"ધન ધાન્ય દઈ મ્હોટા કર્યા માતા કદી વિસરાય કયા,
અપમાન ત્હેનુ વીર આ સતાનથી સ્હેવાયના.
શુ યોગ્ય છે સિસોદીઆને આ રીતે પણ પાળવુ?
કહેવાય છે શુ ઠીક? આમજ સત્યને સહારવુ?"

"એથી સરળ પથ એ હતો લીધી પ્રતિજ્ઞા પાળવા,
આ દુર્ગ તોડયો! માની લેવુ ચિત્તમા કરી કલ્પના.
અતિમ કહુ છુ એટલુ હુ સ્વામી મ્હારા જાણીને,
સત્વર સિધાવો અહીં થકી શુભ વાત મ્હારી માનીને"

"નહિ તો પછી જાણુ ન હુ, નહિ દોષ કઈ દેજો મ્હને,
અતિ વિષમ વિષ પાયા છે મ્હારા નષ્ટ કારક બાણને"
ઉપરોક્ત વચનો કુમ્ભના નૃપ સાભળી વિસ્મિત થયા,
અટકયા! નહિ આગળ વધ્યા! દિક્‌મૂઢ થઈ સ્થભી ગયા.

લજ્જા, ઉદાસીનતા, ઉરે કોપાદિ જાગ્યા ભાવ કઈ,
કિન્તુ નૃપે ઉત્તર વિષે વીર કુમ્ભને વાણી કહી
"હે વીર કુમ્ભ વિચાર સર્વોત્તમ તમારા સર્વથા,
આક્ષેપ તદપિ આપના મમ પર હવે છે સૌ વૃથા."

"છો વીર બુન્દીના સ્વય જ્યારે તમે હાજર અહીં,
ત્યારે પ્રતિજ્ઞા પાળવી જૂઠી હમારી ક્યા રહી ?"
ક્રોધાધ કુમ્ભે તુર્ત પ્રત્યુત્તર શરેથી આપીયો,
જે ઘાવ ભૂપતિએ ધરી નિજ ઢાલને છટકાવીયો

રે ! તે પછી ત્યા ઘોર ભીષણ તુમુલ યુધ્ધ મચી રહ્યુ,
રણમા પડયો વીર કુમ્ભ! પડતા કંઈકનુ જીવન હર્યુ
હા ! ઉષ્ણ શોણિત-ધાર-વહને એ જગ્યા ધોવઇ રહી,
વીર કુમ્ભના આ કૃત્યથી કૃતકૃત્ય બુન્દી થઈ ગઇ

આ'વી રીતે એ રણવીરે પ્રસ્થાન સ્વર્ગ પ્રતિ કર્યું,
ઉજ્વલ યશો અભિધાન રજપતો તણુ અકિત કર્યુ .
અવશેષ સાથી કુમ્ભના પણ યુદ્ધ ભીષણ આદરી,
સ્વર્ગે ગયા, શૂરવીરતાથી રણ પડી ! મારી અરિ.

બસ આ પ્રકારે પૂર્ણ થઈ છે આ હૃદયદ્રાવક કથા,
કે'વા વિચિત્ર ચરિત્ર જગના નિત્ય નૂતન સવથા

* * * * *

કાયા થકી જીવાય ના ! પણ કાર્યથી જીવાય છે,
નરવીરના નામો મુઆ પશ્ચાત્ સભાગય છે.

નહિ દામને રડજો કદી પણ નામને વ્હેલા રડો,
કુળનો નહિ પણ કીર્તિનો સર્વે વિચાર પ્રથમ કરો.
નિજ સ્વાર્થને ઉચો મૂકો પરમાર્થને વ્હેલો ચહો,
વીર-કુમ્ભ માફક દેશ કાજે પ્રાણ ! પ્રિય! પણ ના ચહો.

કરુણા ભર્યાં આ કાવ્યની કથની અહીં પૂરી થઇ,
પણ અમર કીર્તિ વીરની ઈતિહાસમા અવિચળ રહી.
હે બ્રહ્મ ! બાલ ! "મહામી"ની અભિલાષ પૂરી પાડજો,
આ દેશમાં વીર-કુમ્ભ જેવા દેશ-ભકતો પાકજો.

હો ! એકવચની ટેકીલા ભૂપાળ સ્વાભિમાનીઓ,
ગૌરી સમી બાલા સતી ! વારૂ સમાન કવિશ્રીઓ.
અખિલેશ ! આર્યાવર્તમાં ! સરજી ! સદા ઉધ્ધારજો,
સાહિત્ય-પ્રેમી "પુષ્પ"ના વન્દન સપ્રેમ સ્વીકારજો.

ૐ

શાન્તિ શાન્તિ શાન્તિ

સમાપ્ત.

" રાધા-કૃષ્ણ. "

(ગઝલ-અય માતૃભૂમિ તેરે....રાહ)

યમુના સરિત ઘાટે..રાધા હમેશ આવે,
સહીઅર સહિત શિરે જળ-બેડુલાઓ લાવે
સખી-વૃન્દ સાથ સ્નાને . ક્રીડા કરન્તિ ભાવે,
પાણી પરસ્પરો પર છાંટી....ગમત જમાવે

કંઇ પુષ્પવાટિકાઓ (જે)પ્ર . યાણુ પ થે આવે,
મલકાતી મુગ્ધ રાધા શરમાતી ત્યા સિધાવે.
નવરંગી ચુંટી ફૂલડા ...સહીઅર સમીપ લાવે,
ગુણવંતી બેઠી ...બેઠી. ..ગજરો પછી ગુથાવે.

એકાન્તમા કુમારી સ્વર્ગીય સ્નેહ ભાવે,
પ્રીતે પરોવી પુષ્પો ફૂલ-હાર મઘમઘાવે
શ્રી-કૃષ્ણ ચોર પગલે(ત્યાં) પૂંઠે લપાઇ આવે,
પ્રેમાળ કરકમળથી નયનો હસી દબાવે.

મુખડુ મલકતુ રાધા અવનત જરી ઝૂકાવે,
શ્રી કૃષ્ણ-કંઠ માળા . હર્ષિત હૃદય ધરાવે.
ક્ષણમા શ્રી કૃષ્ણ પોઢે રાધા ચરણ દબાવે,
ક્ષણમા કસોટી કરવા . રીસાઈ....કરગરાવે.

પળમા રીસાય પોતે ...એ ત્રણ ઘડી બનાવે,
મોઘા મધુસૂદનજી . દઈ માન ને મનાવે
ગોવિદ પાસ ઘેલી ...વેણી ! લટો ! ગુથાવે,
ગજરો ગરૂડધારી . બાથી બહુ હુસાવે
નિર્મળ વિશુધ્ધ પ્રેમી–વિશ્વે વિભુ ! કહાવે,
તદ્રુપ થઇને ચાહો ! નિર્લેપ સ્નેહ–ભાવે

" વેણુ–નાદ ! "

(ગઝલ–અય માતૃભૂમિ તેરે -રાહ)

આ વેણુ–નાદ ક્યાથી ? વૃંદાવનેથી આવે,
શ્રી વિશ્વના વિહારી વાસલડી એ બજાવે
રજની નુપૂર નૌતમ ઝણકાર સ ભળાયે,
સવિના સુરમ્ય સુખડુ સિન્ધુ વિષે છુપાવે
સૂર્યાસ્તને સમે ત્યા શુભ વૃક્ષ–છાય નીચે,
રાધાને ગજી કરવા વિભુ વાસળી વગાડે
પુષ્પો વીણેલ પાસે પડતા મૂકીને રાધા,
પીયુષ પાન કરતી સગીત ! શ્રવણ ધ્યાને.
ભીની લિલોતરીમાં ઝૂકી જરી નમીને,
શ્રીકૃષ્ણ ચરણ કમળે કરકમળ ટેકવીને.
વેણી છૂટી મૂકેલી... વાળો સમીર છેડે,
સુરભી સુમનની મ્હેકે મન સુધવાને તેડે.

પાયે નૂપુર કાંચન કટિ-મેખળા ઝમકતી,
કંકણુ મૃણાલ કરમાં હારે ગ્રીવા ચમકતી.
અણુમૂલ મોતી અધરે વેસર તાણુ ફરકતું,
કુમ કુમનું ભાલ ચંદ્રક (શું?)ઝીણુ મઝેનું ગમતુ
શશિવદની-શિરને સેંથે સિન્દુર સહજ ભરેલું,
આવું અમૂલ્ય અંગે અમ્બર અહા! ધરેલું
રાધાનુ હૃદય વિભુની વેણુ સહે વગેલું.
શું વેણુ-ગાન દેવી! નહિં ગોમધી નરેલું ?
રમણીય હૃદય ભીનાં ગો વેણુ-નાદ થાયે,
અદ્યા વીતિ છતાં ર જાવા નહીં શાનાયે!

" મોહનની મોરલી ! "

(ગઝલ)

કદમને છાંયડે આસન જમાવ્યું છે ગિરિધારી,
જગત ડોલ્યું બધું જડ્યા હા! કાહ્નેયે બંસી લલકારી.
પડ્યો જ્યાં શબ્દ એ કાને ચૂકી ગૃહ-કાર્ય વ્રજનારી,
અને યમુના તટે રાધા તણી આવી તરત સ્વારી.
મૂકી પડની પછી બસી દીઠી જ્યાં રાધિકા પ્યારી,
ઉછંગે લઇ વિરાજ્યા હા! કહનૈયા કૃષ્ણ-મોરારી
જરા જોઉં કહી માગી લીધી એ બંસરી ન્યારી,
પછી આપે નહિં રાધા સતાવે શ્યામ ગૌ-ચારી.

અહા ! રાધે પ્રિયા પ્યારી ! દઈ દે મોરલી મ્હારી,
હસે શું ? ટેવ આ ત્હારી ! મ્હને લાગે નહિ સારા
જરી જોવી હતી ત્હારે દીધી મ્હેં હાથમાં હારી,
ઠગારી માન (હવે) માગે છે દીધી ત્હેની ગુન્હેગારી.
પ્રથમ બોલી મીઠું મીઠુ પડાવી મોરલી મ્હારી,
ખરી લુચ્ચી ! અલી વાહ્‌વા' ! શીખી લુચ્ચાઈ બહુ સારી.
જરી શરમા ! જરી શરમા ! જવા દે ! ત્હારી હુ શિયારી,
હસે હરખાઈ શું એ'માં ? કળા શી વાપરી ભારી ?
ભલે નહિ આપતી પાછી જુદાઇ છે નહિ ત્હારી,
મધુરી બંસી એ મ્હારી અને રાધે ! તુયે મ્હારી.
વગાડીને બતાવુ જો ! ત્હને નહિ આવડે પ્યારી,
ઘડીમા પાછી દઇ દેવા વિનતી માન કહુ મ્હારી
પટાવી ફોસલાવીને બિચારી ભોળી રાધાને,
પડાવે બંસરી પાછી જુઓ પાકા મધુસૂદન !
હૃદય રાધા તણુ ભોળુ દીધી બંસી મધુ–પ્યારી,
પછી શાની મળે પાછી ? લીલા ! શ્રી કૃષ્ણ–અવતારી.
પડાવી બંસી શુ બોલે ? મનોહર મોરલીધારી,
જીત્યો હુ રાધિકા ! હારી ! તુ અંતે કે'વી જો ! હારી.
રમાડુ વિશ્વને રાધા ! રમુ હું બંસરી ધારી,
હુ વાદી મંત્ર જો મ્હારો ગણુ તો મોરલી મ્હારી.
મધુરી મોરલી ત્હારી ! અકળ લીલા પ્રભુ ન્યારી,
બધાની બુદ્ધિ જયાં હારી ! અનેરી ત્યાંજ બલિહારી.

૭૫

"નવા વર્ષે !"

(ગઝલ)

નવા વર્ષે, નવા હર્ષે, નવા રંગે : ઉમંગે હા !
મ્હને એ નન્દલાલાના નવલ ગુણ ગાન ગાવા દે.
નવા ભાવે, નવા વેશે, નવી વાણી, નવે વતન,
નવેસરથી શ્રી નટવરના નવલ ગુણ ગાન ગાવા દે.
નવી કાયા, નવી માયા, નવી છાયા, બધુ નવલુ,
નવલતા તન મને સીંચી ગુણો ગોવિંદ ! ગાવા દે.

નવો ઉત્સાહ ઉરમા છે, નવું ચૈતન્ય અંગે છે,
નવા નિત્ રંગ રંગે છે, મ્હને એ'મા ભિંજાવા દે.
નવી લીલા, નવી માયા, નવીનનો જે સરજનારો,
નમી તે નાથ નારાયણ ! તાણુ તુ નામ રટવા દે
હૃદય–મંદિર કરી ખાલી, જીતી ભકિત–પૂજે પ્રીતિ,
મહીં મૂર્તિ મધુસૂદન તણી પધરાવવા તુ દે.
જગત્ જુનુ ! તજી જાગી ! નવેથી પ્રીત થાવા દે,
જુની જ્યોતિ ભૂલી આજે મ્હને નવ–માં સમાવા દે.
ધરાયો નિત્ય–ભોજનથી હવે કૈ નવીન ખાવા દે,
નવાં વર્ષે ! નવી બંસી ! વિભુને ! બસ બજાવા દે !

"બાળવિધવા નો પોકાર."

દયાળુ દીકરીવાળા દયાની ભીખ માગું છુ,
દયા રાખો ! દયા રાખો! પિતાઓ! પાય લાગુ છુ
વરસમા બારની બાળા ! તમે બાધો શુ બાવનને,
દયા તલભાર ! નહિ તમને દયાની ભીખ માગુ છુ
સમય લાગે નહિ ઝાઝો ! પરણુતા વાર રડાપો,
અમારાપર સિતમ આ શો ? પ્રભો હુ ન્યાય માગુ છુ
નજર નિર્મળ નહિ બાપૂ ! અમારા લગ્ન પર દાપૂ !
ગમે ત્યા વેચવી એ શુ ? પ્રભો ! હુ ન્યાય માગું છુ
પિતા ! ધન-થેલીઓ લ્યો છો ! સુતા સોભાગ્ય વેચોછો,
અમારૂ કર્મ ફોડો છો ! દયાની ભીખ માગુ છુ.
તમે જ્યારે ફરી પરણો ! અમારો શો ગુન્હો એ'વો ?
વિચારો પ્રશ્ન વિધવાનો ! પ્રભો ! હુ ન્યાય માગુ છુ
તમારા સ્વાર્થને માટે, કસાઈ ! કન્યકા કાપો,
સ્વયં ઘરમા સળી ચાંપો! પ્રભો! હું ન્યાય માગુ છુ
સુતા ઘરમા રહે રાડી ! ફરે સૌભાગ્યવતિ માડી,
દશા દુખીની દેખાડી ! દયાની ભીખ માગુ છુ.
ફરે મા પ્હેરી ઓઢીને ઉમરમા પ્રૌઢ છો ! વયની,
રડે વિધવા સુતા દશની ! દયાની ભીખ માગુ છુ
પ્રભો ! પોકાર ત્હે સૂણ્યો બધો આ બાળવિધવાનો,
પ્રણામી પ્રથમ તુજ પાસે હુ આ'નો ન્યાય માગું છુ.

" વસન્તબાળા ! "

ફુલડાની સાડી ચોળી. . ફૂલડાની કંઠ માળા,
પટકૂળ પ્હેરી નૌતમ આવી વસન્તબાળા.
શણગાર ફૂલડાના ....ફુલડે મહેકી બાળા,
માશુક મદનની મોંઘી આવી વસન્તબાળા.
ટ્હુકી 'ટુહુ' બગીચે ! કલરવ કરે રસાળા,
કોયલડી એમ બોલી 'આવી વસન્તબાળા.'
શોભે શું રંગ લીલા ! તરૂ વેલીઆ રૂપાળાં,
વન-વાડી મ્હેક મ્હેકે આવી વસન્તબાળા.
બોલે મીઠું બપૈયા કરતા મયૂર ચાળા,
શુક—સારિકા સુણાવે આવી વસન્તબાળા.
વ્હાલમ્ વધાઈ ઝીલો-ગુંથો કુસુમની માળા,
સંદેશ સ્નેહભીના લાવી વસન્તબાળા.
સિન્ધુ, સરે, સરિતે શા સ્નેહ-જળ ઉછાળા,
નવ યુગલ-હૃદયમાંયે આવી વસન્તબાળા.
ચીરો ધરી રૂપાળાં શસ્રો સજી સુંવાળા,
મંગલ વધામણી એ લાવી વસન્તબાળા.
સૂકાં કીધાં સજીવન ! નવપલ્લવિત વૃક્ષો !
નરનાર ! નવલ ચેતન ! લાવી વસન્તબાળા.
ગાંધર્વ-યક્ષ-કન્યા, યા રાજ-દેવ-બાળા,
આજે અહા ! અલૌકિક આવી વસન્તબાળા.
આવો ! નવીન લાવો ! ચૈતન્ય પુષ્પમાળા,
અભિનન્દનીય આજે ! નવલી વસન્તબાળા.

" શંકા ! "

(ગઝલ)

ગુલાબો ખિલતા કુમળા સુગંધીદાર પચરંગી,
છતા એની લતે કાટા અમારી એક એ શંકા.
મીઠા ટહુકારથી ગજવે બગીચા વાડી કોલચડી,
છતા એ રૂપમા કાળી ...અમારી એક એ શંકા.
અતિ ઉપયોગની અણુમૂલ કસ્તુરી છતા કાળી
સફેદી પ્રાણુહર સોમલ ..અમારી એક એ શકા.
કપાળો બગ બહૂ રૂપે....કપટ જેને રૂવે રૂવે,
ઉપરથી શ્વેત ! શઠતાનો ! અમારી એક એ શકા.
પૂજે શ્રી સૂર્યને લોકો . બહુ એ તાપ દે તોયે,
શશિ શિતળ છતા થોડો ! અમારી એક એ શંકા.
સરિતા ન્હાની પણ સ્નાને અતિ આવે, પૂજન થાયે,
વિશાળા સિન્ધુ અણુપૂજ્યા ...અમારી એક એ શંકા.
ન ચાલે કાષ્ટ બાવળના....પ્રતિગૃહ રોજ વપરાયે,
ગુણું કાટાથી ઢંકાયે....અમારી એક એ શકા.
ભણેલા ભીખ માગે છે, અભણ કંઇ ભોગવે ગાદી,
જ્યહાં વિદ્યા નહિ લક્ષ્મી....અમારી એક એ શકા.
ગરીબો ઉંઘ લે મીઠી....અમીરોને નહિ ઝોકું,
શ્રીમાનો ! તોય સૌ ચિન્તા....અમારી એક એ શકા.

સતી, સજ્જન સહે કષ્ટો, વ્યભિચારી મઝા માણે,
હસે પાજી! રડે ધર્મિ...અમારી એક એ શંકા.
બને છે બાળકી વિધવા...ગૃહે હો! વૃદ્ધ મા સધવા,
મરે પુત્રો! જીવે....પિતૃ અમારી એક એ શંકા.
મળે સુધરેલને સ્ત્રી જો સરલ-દીલ ગ્રામ્ય-ગૌરી હા!
સુશિલને સાંપડે શોખીન...અમારી એક એ શંકા.
સતીને સાંપડે સ્વામી ..કૂછંદી. યા જુગારી કયા?
સુજનને નાર સુધરેલી....અમારી એક એ શંકા.
પ્રભુ! તો એક રચનારો! છતા ભાસે જુદો જુદો!
રચી બાજી કંઈ અવળી. કંઈ સવળી પડે શંકા
રહી મ્હારા વિષે દુનિયા-અગર દુનિયા વિષે હું છું,
મ્હને નિત્યે ઉઠે શંકા! નવી શંકા નવી શંકા.

" હૃદયાંજલિ! "

મોહન મૂર્તિ કાંવે.... કાંના .. (૨)

હૃદયાંજલિ ધરાવે.... રાધા....(૨).

મયૂર-પિચ્છનો મુકુટ મનોહર મસ્તક પર સોહાવે,
મુખ મુરલીધર! કટિ પિતાંબર! માધવ! મન લોભાવે-રાધા.
[illegible] [illegible]નો બંસરી ધ્વનિ ત્રિલોકમાં પહોંચાવે,
પરવશ તનડું મનડું કરતાં દિલ ડગમગ ડોલાવે-રાધા.

યમુના-આરે પ્રેમઘેલી એ રાધા હમેશ આવે,
"જળ ભરી આવુ" એ'વુ કહીને સહીઅરને સમજાવે-રાધા.

જોઈ આવતી રાધે! કૃષ્ણજી મુરલી મધુર બજાવે,
બંસી-મુગ્ધ ભોળી બાળાનુ હૃદય મધુ! લલચાવે-રાધા.

આકર્ષાતિ કુમારિકા જળ-કુંભ છોડીને આવે,
કોઇ અનેરો શબ્દ "આવ રાધે!" કહી શુ બોલાવે?-રાધા.

શ્યામ સ્વરૂપનુ વદન સુધાકર રાધે-નયન નચાવે,
બંસી—નાદ હૈડાને વીંધે દેહ—ભાન ભૂલાવે-રાધા.

કોમલ ચર્ણ-ઘુંટણપર રાધા! નિજ ગૌરાંગ ઝુકાવે,
દ્વિ કર કમલ ધરી વક્ષસ્થલ હૃદયાંજલિ ધરાવે.-રાધા.

સ્નેહ-યાચના હૃદય-દાન! અવનત શશિવદન નમાવે,
ભકિત ભાવથી રીઝવી રાધા! રમણ-હૃદય ખૂંચાવે-રાધા.

પ્રણય-પુષ્પનો હાર પરોવી કૃષ્ણ-કંઠ પહેરાવે,
બંસરીધરને બાળ કુંવારી હૃદયાંજલિ ધરાવે-રાધા.

દિવ્યજ્ઞાન શુ દિવ્ય-પ્રેમ? મોરલીમાં કૃષ્ણ ભણાવે,
અભિન્ન હૃદયો! એકજ જ્યોતિ! "માયા મ્હારા" જણાવે-રાધા.

શંકર-શકિત કા'ન-ગોપીના લીલા સ્વરૂપ કા'વે,
રાધા-કૃષ્ણ કે કૃષ્ણ ગોપીઓ ઉચ્ચાદર્શ શિખાવે,
કૃષ્ણજી હૃદયાંજલિ સ્વીકારે-રાધા.

લાલ દીવો.



અજ્ઞાનં કેરી આગગાડી આપ મૌચી હાંકશે,
- કંઈ ક્ષુદ્ર કેરા બાળ ભુંડી જીવન દોરી તોડશે